સંપ્રદાયનો સર્વાંગી વિકાસ કરતું શ્રી સ્વા. મંદિર – સરધારનું મુખપત્ર

# સ્વામિનારાયણ ચિંતન

જૂન – ૨૦૧૭ • બે વર્ષ લવાજમ ₹ ૧૬૦/-

## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ

ન્યૂજર્સી (અમેરિકા)




પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી







અમેરિકાના **ન્યૂજર્સી**ને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત **શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર** નો ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'** (તા. ૩ થી ૧૧-૬-૧૭)




**અમેરિકાના ન્યૂજર્સીને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**

૧. પ્રતિષ્ઠાની આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી. ૨. ઠાકોરજી સમક્ષ પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા પૂ. સંતો. ૩. હરિભક્ત સમુદાય. ૪. અન્નકુટ દર્શન. ૫. સમૂહ મહાપૂજા. ૬-૭. પ્રતિષ્ઠા પ્રસંગે યોજાયેલ ત્રિદિનાત્મક શ્રીહરિ યાગ યજ્ઞમાં પૂર્ણાહૂતીમાં બીડું હોમી આરતી ઉતારતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા યજમાનશ્રીઓ. ૮. પૂ. બાબારાજા તથા પૂ. લાલીરાજાના ઉપસ્થિતિમાં જળયાત્રા. ૯. મહોત્સવનું દીપ પ્રાગટ્ય. ૧૦. કથા અંતર્ગત ગાદિપટ્ટાભિષેક. ૧૧. મૂર્તિ પ્રતિષ્ઠાના ઉપલક્ષમાં નૂતન કીર્તન ઓડીયો સીડી 'આવો હરિમંદિર મારે'નું વિમોચન.







## મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ
### ન્યૂજર્સી (અમેરિકા)


























**અમેરિકાના ન્યૂજર્સીને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**

૧-૨-૩. શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવની ઉજવણી. ૪-૫-૬. સાંસ્કૃતિક કાર્યક્રમ. ૭-૮. સેવાભાવી નિષ્ઠાવાન ઉત્સાહી સ્વયંસેવકો-સ્વયંસેવિકાઓ. ૯-૧૦-૧૧. ભોજનશાળામાં મહાપ્રસાદ બનાવતા સેવાભાવી ભક્તો.




## ૨૬મો વાર્ષિક પાટોત્સવ
### શિકાગો (અમેરિકા)





















**શિકાગો(અમેરિકા)ને આંગણે પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી દ્વારા પ્રતિષ્ઠિત વડતાલધામ શ્રી સ્વામિનારાયણ મંદિરનો પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી તથા ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં ઉજવાયેલ '૨૬મો વાર્ષિક પાટોત્સવ' (તા. ૨૦ થી ૨૮-૫-૨૦૧૭)**

૧-૨. ઠાકોરજીનો અભિષેક. ૩. અન્નકૂટોત્સવ. ૪. શ્રી મારુતિ યજ્ઞ. ૫-૬-૭. સભામાં આશીર્વાદ પાઠવતા પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા લાભ લેવા પધારેલ વિશાળ સંખ્યામાં ભક્તજન સમુદાય. ૮. શોભાયાત્રા. ૯-૧૦. સાંસ્કૃતિક કાર્યક્રમ.





॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

# સ્વામિનારાયણ ચિંતન

**પ્રયોજક :**
પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**વર્ષ : ૫ । અંક : ૫ । તારીખ : ૨૦ જૂન, ૨૦૧૭**

**પ્રસિદ્ધ કર્તા**
શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયસ્ય શ્રી લક્ષ્મીનારાયણ દેવ
પીઠસ્થાન સંસ્થાન -વડતાલ વતી
**શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર**

**પ્રકાશક / માલિક / તંત્રી**
સાધુ પતિતપાવનદાસજી

**સંપાદક**
સ્વામી આનંદસ્વરૂપદાસજી (વેદાંતાચાર્ય)

**લેખન / સંકલન**
સાધુ અમૃતસ્વરૂપદાસજી
ગુરુ : પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**લવાજમ દર**
બે વર્ષ : રૂા. ૧૭૦/-
પંચવાર્ષિક : રૂા. ૩૫૦/- ○ પચ્ચીસ વર્ષ : રૂા. ૧૫૦/-
પરદેશમાં લવાજમ : $ 200 U.S.A., £ 125 U.K.


संप्रदायनो सर्वांगी विकास करतुं श्री स्वामिनारायण मंदिर सरधारनुं रजिस्टर्ड मुखपत्र ई.स. २००५ना जून मासथी प्रारंभायेलुं, दर मासनी २० तारीखे प्रकाशित थतुं, आपना समग्र कुटुंब-परिवारमां आनंद अने संस्कारनी सौरभ प्रसरावे अने जीवननुं अनेरुं घडतर करतुं सामयिक.

भवसंभवभीतिभेदनं सुखसंपत्करुणानिकेतनं ।
व्रतदानतप:क्रियाफलं सहजानंद गुरुं भजे सदा ।।

શ્રી ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ઈષ્ટદેવ ભગવાન શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી આચાર્ય પરંપરાને નતમસ્તકે થઈ કોટિ કોટિ વંદના...

**શ્રી ગુરુપૂર્ણિમા પૂજન, તા. ૯-૭-૨૦૧૭**
સવારે ૮ થી ૨, શ્રી રઘુવીરવાડી, વડતાલ

WATCH LIVE
हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

## અનુક્રમણિકા


૦૬ વડોદરામાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય
૨૨ વચનામૃતમાં વડોદરા
૨૬ સત્સંગ સમાચાર પત્રિકા



हमारा लक्ष्य
विश्व का कल्याण हो...

લક્ષ્ય ટી.વી. ચેનલ દ્વારા...
સમગ્ર ગુજરાતમાં
ઘેર બેઠા આપ માણો...

પ.પૂ. ૧૦૮
શ્રી ધર્મકુળ મુગટમણિ
શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીની
**દિવ્ય અમૃતવાણી**
સમય : દરરોજ


પૂ. સ.ગુ. સ્વામી
શ્રી નિત્યસ્વરૂપદાસજીના
શ્રીમુખે
**સત્સંગ કથાપારાયણ**
દરરોજ રાત્રે ૮.૦૦ થી ૧૧.૦૦

પૂ. સ્વામી
શ્રી પૂર્ણસ્વરૂપદાસજીના
શ્રીમુખે
**સત્સંગ કથામૃત**
દરરોજ સવારે ૬.૦૦ થી ૭.૦૦


**લવાજમદર અંગે**
**ગ્રાહક પત્ર વ્યવહાર**


'ચિંતન કાર્યાલય', શ્રી સ્વામિનારાયણ મંદિર - સરધાર
તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. ફો.નં. ૦૨૮૧ - ૨૭૮૧૨૧૧

www.sardharkatha.net | www.swaminarayanvadtalgadi.org
chintansardhar@yahoo.in | sardharmandir@gmail.com



# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

સભા ૨

**પૂર્વભૂમિકા - જાહેર શાસ્ત્રાર્થનું કારણ :**

શ્રીમંત મહારાજા **સયાજીરાવ ગાયકવાડ** (બીજા) ભગવાન શ્રી સ્વામિનારાયણના **આશ્રિત થઈ સત્સંગી** થયા છે, તે વાત હવે પ્રસિદ્ધ થઈ ગઈ હતી. વડોદરામાં સ્વામિનારાયણ સંપ્રદાય પાખંડ ધર્મ છે, એ શાસ્ત્ર વિરુદ્ધ છે, કળિયુગમાં ભગવાનનો અવતાર જ થતો નથી, છતાં સ્વામિનારાયણ પોતાને ભગવાન તરીકે મનાવે છે અને પૂજાવે છે, એ નર્યો દંભ છે. સ્વામિનારાયણ સંપ્રદાયવાળા અન્ય સંપ્રદાયો, ધર્મો, દેવ-દેવીઓ અને શાસ્ત્રોને માનતા નથી અને એ પ્રતિ તિરસ્કારની ભાવનાથી જુએ છે - આવો **ખોટો પ્રચાર** દીવાનના ખાનગી પ્રોત્સાહનથી શહેરમાં ચોરેચૌટે સર્વત્ર જોરશોરથી ચાલી રહ્યો હતો. સંપ્રદાયની આ બધી વાતો ખુલ્લી પાડવા માટે, અને ભલાભોળા લોકોનું એ સંપ્રદાયના ભ્રામક પ્રચારથી રક્ષણ કરવા માટે અને સાચી વાત સૌ કોઈ જાણે સમજે એ માટે જાહેરમાં એમની સાથે **શાસ્ત્રાર્થ** કરવાની જરૂર છે. શહેરમાં જે સંપ્રદાયો છે, એમના અધિકારીઓએ અને શાસ્ત્રી-પંડિતોએ આ વાત એકમતે ઉપાડી લઈને, જાહેર શાસ્ત્રાર્થ યોજવામાં આવે એવી રાજને **ફરજ** પાડવી જોઈએ

તેથી એક દિવસ ઘણા મત-સંપ્રદાયના આગેવાનો એકઠા થઈ સરકાર પાસે કચેરીમાં આવ્યા અને બોલ્યા : “સરકાર ! સ્વામિનારાયણનો પંથ નવો છે. તે ચાર સંપ્રદાય, બાવન દ્વારા અને ચોરાશી મત છે, તે પૈકી કોઈ સાથે મળતો નથી. તેમજ વેદશાસ્ત્રને પણ મળતો નથી. કારણ કે, આ કળિયુગમાં ભગવાન અવતાર ધરે જ નહીં અને બ્રહ્મચર્ય પણ પળે નહીં. તમે શા કારણથી એમને માનો છો ? તમારે તો એ નવા પંથનો **અટકાવ** કરવો જોઈએ.”

ત્યારે સયાજીરાવ સરકાર બોલ્યા : “તમારા સર્વના મતપંથ પણ આ કળિયુગમાં જ થયા છે અને જ્યારે તે થયા ત્યારે નવા જ હતા. રામાવતાર પછી ઘણા વર્ષે શ્રીકૃષ્ણ ભગવાન થયા. ત્યારે તે પણ **નવા** જ થયા કહેવાય. તો શું એ શ્રીકૃષ્ણને ભગવાન ન માનવા ? અને આ તો તમે બધા મતપંથવાળા પણ એ જ રીતે અનુક્રમે એકબીજાની પાછળ થયા છો અને પછી થાય તે નવા જ કહેવાય. અને કળિયુગમાં ભગવાન અવતાર ધારણ ન કરે, એમ શાસ્ત્રમાં હોય તો તે **સિદ્ધ** કરી આપો.”

આમ સરકારશ્રીએ કહ્યું ત્યારે શોભારામ શાસ્ત્રી, રામચંદ્ર વૈદ્ય, નારુપંતનાના અને ચિમનરાવજી વગેરે **ભક્તમંડળ** બેઠા હતા; તેઓ બોલ્યા : “સરકાર ! સ્વામિનારાયણ **ભગવાન** છે, એમ દૃઢપણે જાણીને અમે તેમનું **ભજન** કરીએ છીએ, તોપણ શાસ્ત્રની એવી **શંકાઓ** તો અમને પણ થાય છે !” ત્યારે સરકારે કહ્યું : “જ્યારે ગોપાળાનંદ સ્વામી અહીં હતા ત્યારે તમે એ વાત કેમ પૂછી નહીં ?” ત્યારે તેમણે કહ્યું : “એ સ્વામીના ઐશ્વર્ય-પ્રતાપ અને તેજથી દબાઈને અમારાથી બોલાતું નથી.” ત્યારે **સરકાર** કહે : “એમાં શું ! પોતાને શંકા થાય તો તે ભગવાન આગળ પણ હાથ જોડીને તો પૂછી શકાય. માટે હું એક **વિનંતીપત્ર** ભગવાન શ્રીહરિ પર

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

લખાવું. મારે પણ એ મહાપ્રભુના **દર્શન** કરવા છે. મને ચોક્કસ ખાત્રી છે કે, એ શ્રીહરિ કૃપા કરીને જરૂર અહીં પધારશે. માટે તે વખતે જેને જે શંકા હોય તે સર્વે સુખેથી પૂછજો. તે દયાના સાગર હોવાથી સર્વના સંશય ટાળશે અને સર્વને **સુખશાંતિ** કરશે.'' એમ કહી સર્વને રજા આપી.

પછી ભગવાન શ્રીહરિ ઉપર વિનંતીપત્ર લખાવ્યો અને નારુપંતનાનાને આપીને કહ્યું : ''તમે કાલે સમૈયા પર **વડતાલ** જાઓ છો, ત્યાં શ્રીજીમહારાજને મારા વતી દંડવત્-પ્રણામ કરીને આ **પત્ર** આપજો. પછી વાંચીને ભગવાન શ્રીહરિ શું કહે છે ? તે મંગળકારી **સમાચાર** લાવજો.'' ત્યારે નારુપંતનાના કહે : ''બહુ સારું મહારાજ!'' પછી તે પત્ર લઈને નાનાસાહેબ તથા નાથભક્ત આદિ હજારો હરિજનો સમૈયા ઉપર વડતાલ ગયા.

### શાસ્ત્રાર્થનું આમંત્રણ :

વડતાલમાં મંદિર સમીપ લીમડાનાં વૃક્ષ તળે, સમૈયાની ધર્મસભામાં ઊંચા સિંહાસન ઉપર **શ્રીજીમહારાજ** બિરાજમાન થયા હતા. આ વખતે વડોદરાથી સર્વ હરિભક્તોના સંઘ સહિત નારુપંતનાના, નાથભક્ત તથા પ્રભુદાસ આવ્યા. તેમણે સભામાં ભગવાન શ્રીહરિને સાષ્ટાંગ નમસ્કાર કર્યા.

પછી નાનાસાહેબે સયાજીરાવ સરકારના નમસ્કાર કહીને તેમણે આપેલો **પત્ર** ભગવાન શ્રીહરિના હસ્તકમળમાં **અર્પણ** કર્યો. તે પોતે જોઈને પાસે બેઠેલા શુકમુનિને ઊભા થઈને સભામાં વાંચવાની આજ્ઞા કરી. તે પ્રમાણે શુકમુનિએ પત્ર વાંચ્યો. પત્ર સાંભળી ભગવાન શ્રીહરિ તથા સંત-હરિભક્તો સર્વ અતિ પ્રસન્ન થયા. પછી શ્રીજીમહારાજે બધી સભામાં નજર ફેરવીને છેવટે મુક્તાનંદ સ્વામી ઉપર ઠરાવીને બોલ્યા : ''સ્વામી ! તમે આ સમૈયો થઈ રહ્યા પછી વડોદરે જાઓ અને રાજાને દર્શન દેવા પૂર્વક ભગવદ્ વાર્તા કરજો. તથા શાસ્ત્રીઓ જે જે પ્રશ્ન પૂછે તેના શાસ્ત્રની રીતે ઉત્તર કરીને તેમના સંશય મટાડજો તથા તે સર્વનું યથાયોગ્ય સમાધાન કરજો.''

ભગવાન શ્રીહરિનાં વચનો સાંભળી **મુક્તાનંદ સ્વામી** હાથ જોડીને બોલ્યા : ''હે કૃપાનાથ ! હું તો તમારો દાસ છું, હું બહુ ભણેલો નથી, તેમ મોટા માણસો દબાય એવું મારામાં સામર્થ્ય નથી અને બોલવામાં ચાતુર્ય પણ નથી; તો એ ચાર વેદ અને છ શાસ્ત્રના ભણેલા મહાવિદ્વાનો આગળ જઈને હું શું કરીશ ? વડોદરામાં કાશી આદિક દેશના મોટા મોટા વિદ્વાનોને જીતી લે એવા અતિ સમર્થ વિદ્વાનો રહ્યા છે. ત્યાં કોઈ મને કઠિન પ્રશ્ન પૂછે અને તેનો ઉત્તર મારાથી ન દેવાય, તો સંપ્રદાયનું ભૂંડું દેખાય અને ત્યાંના સર્વે હરિભક્તોને ક્ષોભ થાય. માટે ત્યાં તો ગોપાળાનંદ સ્વામી કે નિત્યાનંદ સ્વામી જેવા વિદ્વાન સંતોનું કામ છે.''

ભગવાન **શ્રીહરિ** કહે : ''સ્વામી ! સંતનાં ત્રીશે લક્ષણો તમારે વિષે સંપૂર્ણ છે અને તેથી તમે આખું બ્રહ્માંડ જીતેલું છે. માટે બૃહસ્પતિ જેવા કોઈ વિદ્વાન હશે તે પણ તમને જીતી શકશે નહીં. વળી, સભામાં **શાસ્ત્રાર્થ** કરનારને વાચા આપનાર કોણ ? ગમે તેવા કઠિન પ્રશ્ન હશે પરંતુ તેનો ઉત્તર તમારા દ્વારા હું કરીશ. કારણ કે, અમે નિરંતર તમારી ભેળા જ રહ્યા છીએ. માટે અમારી **આજ્ઞાથી** વડોદરા જાઓ.''

વળી, ગોપાળાનંદ સ્વામીએ કહ્યું : ''સ્વામી ! તમને શ્રીજીમહારાજે થોડાસમય પહેલાં ગઢડામાં કહ્યું હતું કે, તમારે ફરી વડોદરા શાસ્ત્રાર્થ કરવા જવું પડશે તે આ જ શાસ્ત્રાર્થ છે. સર્વ સમર્થ ભગવાન શ્રીહરિ તમારા દ્વારા આ મહાકાર્ય કરાવવા ઈચ્છે છે માટે આપ સુખેથી વડોદરા સિધાવો અને સંપ્રદાયનો દિગ્વિજય કરાવો.''

ભગવાન શ્રીહરિની આજ્ઞા તેમજ ગોપાળાનંદ સ્વામીએ કરાવેલ સ્મૃતિથી મુક્તાનંદ સ્વામી વડોદરા જવા તૈયાર થયા. પરંતુ સ્વામીએ શ્રીજીમહારાજ પાસે પોતાના રક્ષકની માગણી કરી ત્યારે ભગવાન શ્રીહરિએ પ્રસન્ન થઈ આશીર્વાદ સ્વરૂપે સ્વામીને એક **બાલમુકુંદ** (લાલજી)નું સ્વરૂપ **રક્ષક તરીકે** સાથે લઈ જવા આપ્યું.

આ સ્વરૂપના જમણા પગનો અંગૂઠો ધોઈને જળનું પાન કરવાથી મનવાંછિત ફળની પ્રાપ્તિ થશે તેવા પણ આશીર્વાદ આપ્યા. (હાલ આ **ઠાકોરજીનું સ્વરૂપ** વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ પીઠાધિપતિ પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી** પાસે





શ્રીરઘુવીરવાડી - **વડતાલ** ખાતે બિરાજમાન છે.)

પછી ભગવાન શ્રીહરિએ નારુપંતનાનાનો સંબોધતા કહ્યું : ''નાનાસાહેબ ! સમૈયો પૂર્ણ થયા પછી તમે વડોદરા પાછા જઈને સરકારને કહેજો કે, તમારી ઈચ્છા પ્રમાણે **જાહેર શાસ્ત્રાર્થ** વિઠ્ઠલનાથજીના મંદિરમાં રાખજો. શહેરમાં જેટલા શાસ્ત્રીપંડિતો હોય તેમને અને બહારગામથી કોઈ આવે તેમ હોય તો તેમને સૌ કોઈને સભામાં શાસ્ત્રાર્થ માટે આવવાનું વ્યક્તિગત અને જાહેર **આમંત્રણ** આપજો.''

આમ કહીને ભગવાન શ્રીહરિએ શાસ્ત્રાર્થ માટેનો દિવસ મહા સુદ ત્રીજ નક્કી કરી સયાજીરાવ સરકાર પ્રત્યે **ભલામણ પત્ર** લખાવી નારુપંતનાનાને આપ્યો.

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

### શાસ્ત્રાર્થની જાહેરાત :

નારુપંતનાના આદિક હરિભક્તોએ વડોદરા પરત આવી સયાજીરાવ સરકારને **સમાચાર** આપ્યા. તે સાંભળી સરકાર ઘણા પ્રસન્ન થયા. અને શ્રીજીમહારાજનો પત્ર આપ્યો. શાસ્ત્રાર્થ માટે સંમતિ મળી છે તે વાંચી તેમને આનંદ થયો. શાસ્ત્રાર્થ કરવા માટે સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામી પધારે છે તે વાંચીને અતિ રાજી થયા અને તરત જ દરબાર ભરી જાહેરાત કરાવી :

"શહેરમાં શ્રી સ્વામિનારાયણ સંપ્રદાય અને ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રત્યે અનેક પ્રકારની **ખોટી વાતો** કેટલાક વ્યક્તિઓ તરફથી વહેતી કરવામાં આવેલી છે. આ વાતો સાંભળીને પ્રજાજનોના મનમાં અનેક ખોટી **શંકાઓ** જાગે એ સ્વાભાવિક આ બધા પ્રચારનો અને આડીઅવળી વાતોનો અંત આવે એવા શુભ હેતુથી શ્રી વિઠ્ઠલનાથજી મંદિરમાં મહા સુદ ત્રીજના દિવસે જાહેર **શાસ્ત્રાર્થ** યોજવામાં આવશે. શહેરમાં તથા બહારગામ નિવાસ કરતા કોઈપણ વ્યક્તિ, સંપ્રદાય અને ભગવાન શ્રી સ્વામિનારાયણ માટે પોતાના મનમાં જે કાંઈ શંકા-સંશય હોય તે અંગે શુદ્ધ-બુદ્ધિથી આ સભામાં પ્રશ્નો પૂછી શકશે. પ્રશ્નનો **નિર્ણય** સંપ્રદાયના પ્રતિનિધિની હકીકત સભામાં સાંભળીને પછી સભાના મધ્યસ્થી સભાપતિ આપશે, જે આખરી ગણાશે."

વિઠ્ઠલરાવ દીવાન અને તેના હજૂરિયાઓ આ જાહેરાતથી ખૂબ આનંદ પામ્યા. તેમને શાસ્ત્રાર્થ માટે તૈયારી કરવા ત્રણ માસનો સમય મળતો હતો. દીવાને પોતાના તમામ સાથીઓને અને સંપ્રદાય વિરુદ્ધના તમામ પંડિતો, શાસ્ત્રીઓ, વિદ્વાનો વગેરેને આ સમય દરમ્યાન શક્ય તેટલા વધારે શાસ્ત્ર વચનોના પુરાવાઓ શોધી કાઢવાનો આદેશ આપ્યો. આ વખતે તો વ્યૂહાત્મક રીતે ચર્ચા વિચારણા કરવાથી સ્વામિનારાયણ સંપ્રદાયના મતનો જરૂર પરાજય થશે તેવું તે ખાત્રીપૂર્વક માનવા લાગ્યા.

### જાહેર શાસ્ત્રાર્થ :

મુક્તાનંદ સ્વામી શાસ્ત્રાર્થ કરવા માટે **વડોદરા** પધારી રહ્યા છે તેવા સમાચાર મળતા સયાજીરાવ સરકારે યુવરાજ **ગણપતરાવ**ને કેટલાક સરદારો તથા માનકરીઓ સાથે સવારી ચઢાવી **સામૈયું** કરવા સ્વામી સન્મુખ મોકલ્યા. સામૈયું કેમ્પ સુધી પહોંચતા પહેલા શહેરમાં સર્વે હરિભક્તોને ખબર થઈ કે, મુક્તાનંદ સ્વામી પધારે છે. તે સાંભળીને સર્વે હરિભક્તો પુષ્પના હાર વગેરે લઈને છાણી સુધી જઈ સ્વામીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. પછી આંબાવાડિયામાં સ્વામી પોતાની ગાડીમાં નીચે ઊતર્યા. ત્યાં સર્વે હરિભક્તોએ સ્વામીનું પૂજન કર્યું. પછી રાજમંડળે સહિત યુવરાજ આવ્યા. તે સર્વે પણ નમસ્કાર કરીને બેઠા. સ્વામીએ તે સર્વને કુશળ સમાચાર પૂછીને પ્રસાદીના હાર પહેરાવ્યા.

પછી નાનાસાહેબે કહ્યું : "સ્વામી ! સરકારે આપને બેસવા અંબાડી સહિત હાથી મોકલ્યો છે, તે ઉપર આપ બિરાજો." સ્વામીએ કહ્યું : "આ ડંકા, નિશાન, વાજિંત્ર તથા હાથી, તે કંઈ અમારે સાધુને ઘટે નહીં. માટે આ નાના (ગણપતરાવ) સરકારને એ બધી સવારી સહિત શહેરમાં તેડી જાઓ. અમે તો આ સંત-હરિભક્તો સાથે અમારી ગાડીમાં બેસીને કીર્તન ગાતાં ગાતાં ધીરે ધીરે શહેરમાં આવીશું." એમ કહી રાજમંડળને રજા આપી.

નાનાસાહેબે વિનંતી કરીને સ્વામીને મેનામાં બેસાડ્યા. તે હાથમાં માળા ફેરવતા નાસિકાગ્રદૃષ્ટિ રાખીને સ્વામી મેનામાં બેઠા. તેમની આગળ પાછળ સર્વે સંતમંડળ હાથમાં માળા લઈ કીર્તન ગાતાં ગાતાં ચાલતા હતા. અનેક તંબોળી વગેરે લોકો કેડે મૃદંગ બાંધી, હાથમાં કાંસીજોડાં વગાડતા અતિ ઉત્સાહથી ઉત્સવ કરતા ચાલતા હતા. તેમજ બીજા હરિભક્તો અને શેઠ-શાહુકારો આગળ ચાલતા હતા. શહેરમાં સ્વામીનાં દર્શન કરવા માટે લોકોની ભીડ થઈ હતી. મુક્તાનંદ સ્વામીનું શાંત અને સૌમ્ય સ્વરૂપ જોઈને તથા સર્વે સાધુને સૌમ્ય અને સુશોભિત દીક્ષાવાળા જોઈને ઘણા લોકો આદરથી પ્રણામ કરતા. એ પ્રમાણે ધીરે ધીરે રાજમાર્ગે થઈને સ્વામી મંદિરે પધાર્યા.



"લોકો કહેતા કે, પહેલા ગોપાળાનંદ સ્વામી અહીં હતા તેમને સ્વામિનારાયણે તેડાવી લીધા અને પછી આ મુક્તાનંદ સ્વામીને મોકલ્યા છે. તે પણ તેમના જેવા જ મહા પ્રતાપવાળા જણાય છે."

મંદિરના મોટા ચોકમાં રોજ મોટી સભા ભરાતી. તેમાં સ્વામી ભગવાન શ્રીહરિના મહિમાની ઘણી વાતો કરતા. અનેક શાસ્ત્રોના પ્રમાણો કહીને મોટા મોટા વિદ્વાનોને, ભગવાન શ્રીહરિના ભગવાનપણાનો નિશ્ચય કરાવતા તથા ઘણા લોકોને ધારણા શીખવતા. આ રીતે ભગવાન શ્રીહરિના મહિમાનાં ગાનથી શહેરમાંથી નિત્યે હજારો માણસો સ્વામીનાં દર્શન કરવા માટે આવવા લાગ્યા. લોકો કહેતા કે, પહેલા ગોપાળાનંદ સ્વામી અહીં હતા તેમને સ્વામિનારાયણે તેડાવી લીધા અને પછી આ મુક્તાનંદ સ્વામીને મોકલ્યા છે. તે પણ તેમના જેવા જ મહા પ્રતાપવાળા જણાય છે.

મુક્તાનંદ સ્વામી વડોદરા પધાર્યા તે જ દિવસથી દરરોજ અઢીસો પાકાં સીધાં પોતાનાં મોદીખાનામાંથી મોકલી આપવાનો સરકારે હુકમ કર્યો હતો. પરંતુ સ્વામીએ તો ઘી-સાકરનાં સીધાં નાથભક્તને ભેગા કરી રાખવાનું કહ્યું. પણ હરિભક્તો તો અતિ આગ્રહથી ભારે ભારે રસોઈઓ આપતા હતા. પછી બીજે દિવસે સર્વ રાજમંડળ સહિત **સયાજીરાવ સરકાર** સ્વામીનાં દર્શન કરવા મંદિરે પધાર્યા અને સ્વામીને તથા સર્વ સભાને નમસ્કાર કર્યા.

સ્વામીએ યથાયોગ્ય સન્માન કરી, ગાદીતકિયે બેસાડ્યા ને ભગવાન શ્રીહરિના આશીર્વાદ કહી ભગવદ્‌વાર્તા કરવા માંડી. શ્રીજીમહારાજના અપાર પ્રૌઢપ્રતાપની વાતો, એક ચિત્તે સાંભળવાથી

સરકારનું ચંચળ મન સ્થિર થઈ ગયું અને ભગવાન શ્રીહરિને વિષે પુરુષોત્તમપણાની દૃઢતા થઈ. પછી હાથ જોડીને બોલ્યા : ''સ્વામી ! વડોદરામાં ઘણાં વિદ્વાનો રહે છે. તેમજ ઘણાં મતપંથના આચાર્યો અને સાધુ, સંન્યાસી, અતીત, ગોસાઈ અને વૈરાગીઓ પણ રહે છે. તે સર્વેનાં મનમાં જે કાંઈ શંકા હોય તેનું આપ કૃપા કરી સમાધાન કરો. આપનાં દર્શનથી તથા આપનાં વેદશાસ્ત્રની સાંખ્યવાળાં અમૃતવચનથી એ સર્વેના સંદેહનું નિરાકરણ થશે જ. માટે મહા સુદી ત્રીજને દિવસે અમારાં વિઠ્ઠલનાથજી મંદિરમાં આપ પધારજો. ત્યાં બધા વિદ્વાનો તથા મતપંથના આગેવાનો તથા આચાર્યોને બોલાવીશું. તથા ત્યાં કોઈ રીતની અમર્યાદા ન થાય, તેવો બંદોબસ્ત રખાવીશું.'' પછી સ્વામીએ કહ્યું : ''બહુ સારું સરકાર ! આપ કહો છો તે મુજબ અમે ત્યાં આવીશું.'' એમ કહી સરકારને તથા સર્વે રાજમંડળને પુષ્પહાર તથા પ્રસાદી આપી. અને પછી સરકાર મંડળ સહિત નમસ્કાર કરી પાછા પધાર્યા.

સયાજીરાવ સરકારે **ભાઉપુરાણિક** તથા **નારુપંતનાના**ને બોલાવી શ્રીવિઠ્ઠલનાથજીનાં મંદિરમાં **શાસ્ત્રાર્થ સભા** કરવાનું સર્વ કામ, તે બે જણને સોંપ્યું. તેમણે મંદિરના વિશાળ મંડપમાં પાથરણાં પથરાવ્યાં અને સેંકડો ગાદીતકિયા નંખાવ્યા. તેમાં એકબાજુ મુક્તાનંદ સ્વામી તથા સ્વામીના સંતમંડળના સાધુઓ માટે અને બીજીબાજુ મતપંથી સાધુ અને ત્રીજીબાજુ વિદ્વાનોને બેસવાની યોગ્ય **ગોઠવણ** કરી. પછી આગલે દિવસે શહેરમાં પુનઃ ઢંઢેરો પિટાવ્યો કે, ''સ્વામિનારાયણ સંપ્રદાય વિષે જેને કોઈ શાસ્ત્ર સંબંધી પ્રશ્ન પૂછવા હોય, તે સર્વે કાલે દશ વાગતાં સરકારના શ્રીવિઠ્ઠલનાથજીનાં મંદિરમાં આવજો. ત્યાં સ્વામિનારાયણ ભગવાનના મોટા સંત મુક્તાનંદ સ્વામીને સરકારે તેડાવ્યા છે, તે ઉત્તર કરશે.''

પછી બીજે દિવસે સવારમાં મંદિરો, મઠ, અખાડા, ધર્મશાળા, પાઠશાળા વગેરે સર્વ ઠેકાણે કોટવાળ મોકલીને **તેડાં** કરાવ્યાં. સભા વખતે હજારો મતવાદીઓ ત્યાં આવ્યા. આખા શહેરના તથા છાણી, પાદરા, ડભોઈ, ચાણોદ વગેરે ગામોના મોટા મોટા વિદ્વાનો આવ્યા. શહેરમાં માંડવીના ચારેબાજુના રસ્તાઓમાં અપાર માણસોની મેદની ભરાઈ હતી. મંદિરમાં પગથિયાં આગળ ભાઉપુરાણિક સિપાઈઓ સાથે ઊભા રહ્યા હતા અને તેઓ યોગ્ય માણસોને જ મંદિરમાં જવા દેતા હતા. મંદિરમાં દાખલ થતાં માણસોને નાનાસાહેબ તથા ચિમનરાવજી યોગ્ય આસન ઉપર બેસાડતા હતા.

આ રીતે મંદિરમાં આઠ વાગ્યા પહેલાં ઘણા માણસો ભરાઈ જવાથી મંડપમાં તથા વિશાળ ચોકમાં સજ્જડ **ભીડ** થઈ ગઈ. એટલામાં તો રામતળાવ અને સિંધવાઈ વગેરે મોટા મોટા અખાડાની તથા બીજા નાના બાર અખાડાની જમાતોનાં ઝૂંડ ને ઝૂંડ આવવા લાગ્યા. મંદિર સામે મહેલમાં સરકાર પોતે કેટલાક માનકરી સાથે બેઠા હતા. અને મંદિરમાં કોણ કોણ શી રીતે આવે છે ? તે સર્વે જોતા હતા. તથા જાસૂસો મંદિરમાંની વાત ક્ષણ-ક્ષણ પ્રત્યે સરકારને કહેતા હતા.

પછી મંદિરના દરવાજા આગળ જમાતના અપાર **ઝૂંડ** આવ્યા. તેને જોઈને ભાઉપુરાણિક બોલ્યા : ''તુમારી સબ જમાત કે આદમીમેં જો મહંત હો ઔર વિદ્વાન હો, ઈતને હી દસ દસ મૂર્તિ મંદિર કે ભીતર જાઓ, ઔર સબ ફાલતું આદમી બહાર ખડે રહો. ગિલ્લા મત કરો.'' એ કોઈ ન સાંભળતા મહામદના ભરેલા 'જય નૃસિંહ, જય કાળી, જય ભૈરવ...' બોલતા સરકારના ચોકીપેરાવાળા સેંકડો સિપાઈઓ ઊભા હતા તેને ન ગણકારતા મંદિરમાં પેઠા. મંદિરમાં પણ કોઈને ન ગણકારતા એમ બોલતા કે, 'કહાં હૈ વો જીવનમુક્તા કા પંથવાલા ? કહાં હૈ ? આજ ઉનકી ખબર લેંગે !'

હવે દસ વાગતાં સયાજીરાવ સરકાર તરફથી મેનો, પાલખી અને બીજું યોગ્ય **સામૈયું** લઈને શોભારામ શાસ્ત્રી તથા ધનેશ્વરભાઈ વગેરે સ્વામીને તેડવા મંદિરમાં ગયા. તેથી સ્વામી સર્વે સંત-હરિભક્તો સહિત ત્યાં જવા તૈયાર થયા. હરિમંદિરમાં ભગવાન શ્રીહરિના દર્શન કરી મંદિરથી બહાર પગ મૂક્તાં તરત જ સ્વામીના મુખમાંથી શ્રીજીમહારાજ પ્રત્યેની અનન્યનિષ્ઠા અને પતિવ્રતાની ભક્તિરૂપ પ્રાર્થના સ્વરૂપે **કીર્તનના શબ્દો** સરી પડ્યા : **'વ્હાલા રમઝમ કરતા કહાન, મારે ઘેર આવો રે, મુક્તાનંદ કહે મહારાજ દુઃખડા કાપો રે...'** આ રીતે સ્વામી કીર્તનપદ બોલતા થકા મેનામાં બેઠા અને આગળ-પાછળ સર્વે સંત વીંટાઈને કીર્તન બોલતા ચાલે છે.

વાડીથી શ્રીવિઠ્ઠલમંદિર સુધીનાં આખા રાજમાર્ગ ઉપર સર્વત્ર વહેતા થયેલાં કીર્તનના **મધુર સ્વરો** છવાઈ ગયા. રાજમાર્ગની બંને બાજુએ હાથ જોડીને ઊભેલા લોકોએ કીર્તનનો રસાસ્વાદ શાંતચિત્તે માણ્યો. રસ્તાની આજુબાજુ આવેલા મકાનોના બારીબારણાં, છજા, અગાસીઓમાં ઊભેલા અનેક નરનારીઓ પણ કીર્તનના શબ્દો સાંભળીને **આનંદવિભોર** બનીને ડોલી ઉઠયાં.

આ રીતે કીર્તનભક્તિ કરતા થકા અને હજારો માણસોને દર્શન આપતા સ્વામી સહિત **સંઘ** માંડવી આગળ મંદિરના દરવાજા પાસે આવ્યો. સ્વામીને મેનામાંથી નીકળતા જોઈ, સરકારે રાજમંડળ સહિત છજામાં ઊભા થઈ બે હાથ જોડી પ્રણામ કર્યા. ભાઉપુરાણિક સ્વામીના ચરણમાં મસ્તક મૂકી, પ્રણામ કરી હાથ ઝાલીને સ્વામીને મંદિરમાં તેડી ગયા. સ્વામીએ વિઠ્ઠલનાથજી, રુકમાઈદેવના **દર્શન** કર્યા. પછી સ્વામીએ બે હાથ જોડી નીચા વળીને સભામાં સર્વેને પ્રણામ કરી **વંદન** કર્યું. પછી ભાઉપુરાણિકે ભીડમાં માર્ગ કરાવી સ્વામીને ગાદીતકિયે બેસાડ્યા અને બીજા સંતો સ્વામીની પાછળ બેઠા.

ભાઉપુરાણિક મધ્યસ્થી થયા. તેમની બે પાસે નાનાસાહેબ તથા બાપુસાહેબ બેઠા. ભાઉપુરાણિકે ઊભા થઈ પ્રથમ સર્વને સભાના આયોજનનું કારણ સમજાવ્યું અને કહ્યું : ''ભગવાન સ્વામિનારાયણ અને તેમના સંપ્રદાય વિષે જેને **શંકા** હોય તે સુખેથી બોલો. શાસ્ત્ર સંબંધી અને શાસ્ત્ર મર્યાદામાં રહીને જે **પ્રશ્નો** પૂછવા હોય તે ભગવાન સ્વામિનારાયણે પોતાના ઠેકાણે આ **મુક્તાનંદ સ્વામી**ને અહીં મોકલ્યા

છે, તેમને સુખેથી પૂછો.'' આ પ્રમાણે ભાઉપુરાણિકે સભામાં બે-ત્રણ વખત કહ્યું. પરંતુ મુક્તાનંદ સ્વામીનો મહાપ્રતાપ, તેજ, ઐશ્વર્ય તથા વિષ્ણુ જેવી શાંત આકૃતિ જોઈને સર્વ વિદ્વાનો દબાઈ ગયા. અને પોતાના મનમાં ગોઠવી રાખેલાં, પૂછવાનાં પ્રશ્નો પણ ભૂલી ગયા અને સર્વે સ્વામીની સામું જોઈ રહ્યા.

પછી **સ્વામી** ધીરે રહી બોલ્યા : ''ભગવાને પ્રથમ પુરુષ-પ્રકૃતિ દ્વારા સૃષ્ટિ રચી, ત્યારે અનાદિ અવિદ્યાત્મક સંચિત કર્મરૂપ કારણ શરીરે યુક્ત થકા જે દૈવી અને આસુરી જીવ, પ્રલળકાળમાં માયાને વિષે લીન હતા, તે ઉત્પત્તિકાળને વિષે ફળપ્રદાતા એવા ભગવાનની દૃષ્ટિને પામીને પોતપોતાના કર્મને અનુસારે નાના પ્રકારની યોનિઓને પામે છે અને પોતપોતાના ભાવે યુક્ત ઊપજે છે. કેટલાક સાધારણ જીવ હોય છે તે જેવો સંગ અને જેવા કર્મ કરે છે, તેવા ભાવને પામે છે. તેમાં મુખ્યપણે તો સત્પુરુષ જેના ઉપર પ્રસન્ન થાય તે જીવ **દૈવી** થાય છે અને જો સત્પુરુષનો દ્રોહ કરે તો તે જીવ **આસુરી** થાય છે.

સત્પુરુષના લક્ષણ શ્રીમદ્ ભાગવત તથા ભગવદ્ ગીતા આદિ સદ્ગ્રંથોમાં કહ્યા છે. તથા દૈવી અને આસુરી જીવની સંપત્તિઓ પણ તેમાં કહી છે. અને બ્રહ્મા, વિષ્ણુ, મનુ, વ્યાસ, વાલ્મિક, પરાશર, યાજ્ઞવલ્ક્ય ઈત્યાદિ મોટા મોટા મુનિઓએ જીવના મોક્ષ સારુ કૃપા કરીને સ્મૃતિઓ, પુરાણો અને ઈતિહાસો રચ્યાં છે. તેમાં ચાર **વર્ણ** અને ચાર **આશ્રમ**ના ધર્મ લખ્યા છે. તે **ધર્મ** પોતપોતાના અધિકાર પ્રમાણે પાળવા અને પરમેશ્વરની **ભક્તિ** કરવી, તેથી નિઃસંદેહે જીવ માયાને તરે છે અને જન્મમરણ રહિત થઈને મોક્ષને પામે છે. જે કેવળ વર્ણાશ્રમના ધર્મ પાળે છે અને ભગવાનની ભક્તિ કરતો નથી તે તો સ્વર્ગાદિક લોકમાં જાય છે અને ત્યાં પુણ્ય ભોગવાઈ રહ્યા પછી તે નાશવંત લોકમાંથી પડે છે અને પાછા જન્મમરણ પામે છે.

તે વર્ણાશ્રમના ધર્મ તો સપ્તર્ષિ વગેરે પણ પ્રવર્તાવે છે, પણ ભક્તિરૂપ જે **ભાગવતધર્મ,** તેની જ્યારે પૃથ્વી ઉપર **ગ્લાનિ** થાય છે ત્યારે તો ભગવાન પોતે **અવતાર** ધારણ કરે છે અને તે ભાગવતધર્મનું સ્થાપન કરે છે. સાધુપુરુષનું **રક્ષણ** કરે છે અને અસુરોનો નાશ કરી પૃથ્વીનો ભાર ઉતારે છે. ભગવાનના અવતાર પણ બે પ્રકારે થાય છે. તેમાં રાજારૂપે થાય છે ત્યારે ઓગણચાલીશ લક્ષણે યુક્ત હોય છે અને સાધુરૂપે થાય છે ત્યારે ત્રીસ લક્ષણે યુક્ત હોય છે. તેમાં પણ મચ્છ, કચ્છ, વરાહ, નૃસિંહ અને વામનાદિક અવતાર તો જે કાર્ય નિમિત્ત થયા હોય તે કાર્ય કરીને જેટલા જીવ પોતાના યોગમાં આવી ગયા, તેટલાનો મોક્ષ કરીને પાછા પોતપોતાના લોકમાં પધારી ગયા.

રામ-કૃષ્ણાદિક રાજારૂપે અવતાર થયા ત્યારે અસુરોનો નાશ કર્યો અને પૃથ્વીમાંથી અસુરોનો ભાર ઉતાર્યો. અને પોતાને શરણે તથા પોતાના યોગમાં જે જે આવ્યા તે સર્વનું તે સમયે કલ્યાણ કર્યું. એ અવતાર પણ સર્વે સરખા નથી. કેટલાક અંશાવતાર છે અને કેટલાક કળાવતાર છે. શ્રીકૃષ્ણ પોતે તો સોળે કળાયુક્ત પૂર્ણાવતાર છે. હાલમાં સર્વ અવતારના અવતારી પૂર્ણ પુરુષોત્તમનારાયણ કૃપા કરી આ ઘોર કળિમાં અનેક જીવોના કલ્યાણ કરવા પૃથ્વી ઉપર અવતાર ધારણ કરીને પોતે 'સ્વામિનારાયણ' નામે પ્રગટ થયા છે. તેમણે પૃથ્વી ઉપરથી ક્ષીણ થઈ ગયેલો ભાગવતધર્મ સ્થાપન કર્યો છે અને અનેક જીવને ભક્તિમાર્ગે પ્રવર્તાવ્યા છે. ઘણા મુમુક્ષુને જ્ઞાન, વૈરાગ્ય, અહિંસા, બ્રહ્મચર્ય, શમ, દમ, તપ, તિતિક્ષા, દયા, ક્ષમા, ધૈર્ય ઈત્યાદિ અનેક ગુણયુક્ત કર્યા છે. અનેક સ્ત્રી-પુરુષો એ ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રતાપ વડે સત્યુગ જેવા ધર્મ પાળે છે અને પ્રગટ ભગવાનના પ્રતાપથી અસંખ્ય મનુષ્યો નિયમધર્મમાં રહી પોતાની ઈન્દ્રિયોને તથા અંતઃકરણને જીતીને વર્તે છે. અને એ ભગવાનના પ્રતાપથી એમના સર્વ આશ્રિતોને કામ, લોભ, માન, સ્નેહ, રસાસ્વાદ, કપટ, છળ, વિશ્વાસઘાત, ચોરી, દગો, ઘાત, અસત્ય, અન્યાય આદિ સર્વ અધર્મો કોઈ કાળે લગાર પણ સ્પર્શ કરતા નથી.

વળી, જે ભગવાનના દર્શનમાત્રથી જ જગતની આસક્તિ અને વિષયવાસનાનો નાશ થઈ જાય છે, જેનાં દર્શનમાત્રથી અસંખ્ય સ્ત્રી-પુરુષોનાં ચિત્તનો નિરોધ થાય છે. જેની મૂર્તિ જોતા સંસારી પંચવિષય ઝેર જેવા થઈ જાય છે. જેને જોઈને હજારો પુરુષો ઘરબાર છોડી ત્યાગી થઈ જાય છે અને કેટલાક રાજપાટ મૂકી ત્યાગી થાય છે. જે ભગવાને કાળે કરીને નાશ પામેલા અષ્ટાંગયોગમાં પ્રવીણ કરેલા લાખો માણસોને, સત્યુગના મોટા યોગી જેવા પોતાના ભક્તો કર્યા છે. જે ભગવાનના પ્રતાપ વડે હજારો સ્ત્રીઓ, શૂદ્રો અને બાળકો સુદ્ધાં સમાધિમાં જાય છે અને બીજાને મોકલી શકે છે. જે ભગવાનનું 'સ્વામિનારાયણ' એવું નામ, પાપના સમૂહને નાશ કરી નાંખે છે. જે ભગવાનનું એ મહામંગળકારી નામ, માત્ર સાંભળવાથી છ લાખ ને ચોરાશી હજાર નરકકુંડોમાં અતિ કષ્ટ પામતા અસંખ્ય જીવોનો ઉદ્ધાર થયો છે.

જે ભગવાન પોતાના હજારો ભક્તોને અંતસમયે દિવ્યદર્શન આપી, સર્વ લોકોના દેખતા પ્રસિદ્ધપણે પોતાના દિવ્યધામમાં તેડી જાય છે. જે ભગવાનનો અપરિમિત પ્રતાપ બ્રહ્માંડમાં સર્વત્ર પ્રકાશી રહ્યો છે. જે ભગવાનના હજારો સંત અને લાખો ભક્તો છે. જેમની ચરણરજને બ્રહ્માદિક દેવતાઓ પણ વંદનપૂર્વક પોતાના મસ્તક ઉપર ચઢાવે છે. જે ભગવાનની આજ્ઞાથી તેમના હજારો સંતો દેશોદેશમાં ફરી, અનેક જીવાત્માઓને સદ્ધર્મમાં પ્રવર્તાવે છે અને પ્રગટ ભગવાનની ભક્તિ કરાવી મોક્ષપદ આપે છે.

એ ભગવાને એ જ રીતે આ વડોદરા શહેરમાં પણ કૃપા કરીને યોગીરાજ ગોપાળાનંદ સ્વામીને અહીં રહેવાની આજ્ઞા કરી હતી. તેઓએ એ મહાપ્રભુ શ્રીહરિના પ્રતાપનો અને અપાર મહિમાનો પ્રકાશ કર્યો છે અને ઘણાંખરાં રાજમંડળે સહિત મહારાજા સયાજીરાવ સરકાર પણ એ મહાપ્રભુને શરણે થયા છે. તમે સર્વે વિદ્વાન અને સુજ્ઞ છો, માટે એ પ્રગટ ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થાઓ અને એ પ્રત્યક્ષ ભગવાનનું ભજન કરો. આ જન્મમાં જ તમારું કલ્યાણ થશે અને ભગવાનનાં ધામને પામશો. ઘણા કલ્પથી જન્મ-મૃત્યુનાં

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

અપાર દુઃખને પામતા અને ચોરાશી લક્ષ યોનિમાં ભ્રમણ કરતા પોતાના જીવને માયાનાં બંધનથી મુક્ત કરવો એ જ બુદ્ધિવાનપણાનું અને વિદ્યા ભણ્યાનું ફળ છે અને એ જ મનુષ્યજન્મ પામ્યાનું ફળ છે.

વળી, હરિકૃપાથી આ ભરતખંડમાં ઉત્તમ જન્મ મળ્યો છે, તેમાં પણ સાક્ષાત્ પૂર્ણ પુરુષોત્તમ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ બિરાજે છે. અને ક્ષણભંગુર દેહનો નિરધાર નથી. માટે સાક્ષાત્ ભગવાન શ્રી સ્વામિનારાયણનાં ચરણકમળનો આશ્રય કરો. એ શ્રીહરિના ભગવાનપણા વિષે જેને સંદેહ હોય તે સર્વે અહીં અમારી આગળ આવો અને સુખેથી મને પૂછો. એ ભગવાન શ્રી સ્વામિનારાયણનો ઉદ્ધવ સંપ્રદાય છે અને તેમણે સત્સંગ સ્થાપન કર્યો છે. તથા હજારો સાધુ અને લાખો સત્સંગી કર્યા છે. તે વિષે જેને શંકા હોય તે પણ સુખેથી પૂછો. તમારા સર્વની શંકાઓ મટાડવા તે ભગવાન શ્રીહરિએ કૃપા કરી મને અહીં મોકલ્યો છે. માટે જે જે વિદ્વાનોને શાસ્ત્ર સંબંધી શંકા થતી હોય, તે જે જે પ્રશ્ન પૂછશે, તેનો એ મહાપ્રભુ શ્રીહરિના ચરણકમળના પ્રતાપ વડે શાસ્ત્રસંમતિ પ્રમાણે હું ઉત્તર કરી સર્વની શંકાઓ મટાડીશ.''



"મુક્તાનંદ સ્વામી મંદ મંદ હાસ્ય કરતા કહે : ''હે વિદ્વાનો ! નામમાત્રથી જે મુક્તિ તે તો પાપના સમુદાયથી મુક્તિ જાણવી અથવા યમના પાશથી જાણવી. આ પ્રકારે શ્રીમદ્ ભાગવતમાં જ કહ્યું છે. નારાયણ નામનાં ઉચ્ચારણ માત્રથી અજામિલ પણ મૃત્યુના પાશથી મુક્ત થયો."

સૌપ્રથમ **હરિહર આચાર્ય** નામે પ્રસિદ્ધ શાસ્ત્રીના **શિષ્યો**એ મળીને **પ્રશ્ન** પૂછ્યો : ' श्रेय आत्यन्तिकं नृणामिह केन भवेन्मुने !। तत्साधनं यथाशास्त्रं निश्चितं ब्रूहि नोऽधुना ।।' - ''કળિયુગમાં મનુષ્યોનું આત્યંતિક કલ્યાણ કયા સાધનથી થાય ? તે સાધન નિશ્ચિત જેમ હોય તેમ શાસ્ત્રાનુસાર કહો.''

પ્રશ્ન ટૂંકો હતો, પણ એમાં ઘણાં પ્રશ્નો સમાયેલા હતા. એ સંકેત સ્વામી તરત જ કળી ગયા. જેથી **મુક્તાનંદ સ્વામી**એ સામે **પ્રશ્ન** પૂછ્યો : 'एतावत्कालपर्यन्तं भवद्भिः किंनु निश्चितम् ।' - ''હે વિદ્વાનો ! તમોએ આટલા સમય સુધી પોતાના કલ્યાણનું સાધન શું માનેલું છે ?''

ત્યારે **વિદ્વાનો** કહે છે : ' नामसङ्कीर्तनं विष्णोः कलिकल्मषनाशनम् ।' - ''અમે તો ભગવાનનું નામ-સંકીર્તન જ કળિમળને નાશ કરનાર માન્યું છે.''

સ્વામીએ કહ્યું : 'नाममात्रेण मोक्षश्चेत्त्रिकाण्डविषयास्तदा । व्यर्था भवेयुर्निगमाः साधनानि च सर्वशः ।।' - ''હે વિદ્વાનો ! જો નામમાત્રથી જ મોક્ષ થાય તો કર્મ-જ્ઞાન અને ઉપાસનાના વિષયભૂત વેદો વ્યર્થ થાય અને વેદમાં કહેલા શમ-દમાદિ મોક્ષનાં કારણરૂપ સાધનો પણ વ્યર્થ થાય. અને તમે જો વેદ પ્રતિપાદિત સાધનોને ખોટાં કહો તો 'युष्माकं वेदबाह्यं मतं भवेत् ।' - તમારો મત વેદથી બહાર ગણાય. અને શ્રુતિનું એવું વચન છે કે, 'ऋते ज्ञानान्न मुक्तिः ।' - જ્ઞાન વિના મુક્તિ ન થાય અને શ્રુતિની એજ પંક્તિમાં કહ્યું છે : 'तमेव विदित्वाऽतिमृत्युमेति, नान्यः पन्था विद्यतेऽयनाय ।' - પરમાત્માને જાણનારો આ લોકમાં મરણધર્મ રહિત થાય છે. અર્થાત્ મુક્તિને પામે છે ઈત્યાદિ શ્રુતિ છે. શ્રીહરિના નામના કીર્તનોથી પુણ્ય થાય અને પાપનો નાશ થાય. તત્કાલ જ સંસારથી મોક્ષ તો ભગવાનના પ્રત્યક્ષ જ્ઞાનથી થાય. માટે તમોએ પ્રત્યક્ષ પરમેશ્વરને જોયેલા છે (સાક્ષાત્કાર કરેલો છે ?) અથવા નથી જોયા, જો જોયા હોય તો મોક્ષને પામેલા છો. જો ના જોયા હોય તો તેમનાં દર્શન માટે ઉદ્યમ કરો.''

*(શ્રી સત્સંગિજીવન : ૪/૩૫)*

**વિદ્વાનો બોલ્યા :** ''હે સ્વામિન્ ! ધર્મભક્તિ અને જ્ઞાન છે નામ જેનું એવું જે વેદોક્ત સાધન તે તો કળિયુગમાં ક્ષણમાં નાશ પામનારાં શરીરોવાળા મનુષ્યોથી દુષ્કર જ છે, માટે અમોએ ભગવાનનાં નામમાત્રથી આત્યંતિક કલ્યાણ માનેલું છે. શાસ્ત્રોમાં તેથી જ કહ્યું છે : 'कलौ तद् हरिकीर्तनात् ।' એવું કહેલું છે. અજામિલ જેવાનો ઉદ્ધાર નારાયણના નામોચ્ચારથી જ થયો હતો. વળી, આ ઘોર કળિકાળમાં ભગવાનનો અવતાર થતો નથી. અવતાર ન થાય એટલે પ્રગટ ભગવાનની પ્રાપ્તિ ન થાય, ભગવાન પ્રત્યક્ષ ન હોય એટલે એમનું સાધર્મ્ય પામેલા સત્પુરુષો પણ ન હોય. સત્પુરુષો ન હોય એટલે સત્સંગ કરવાની સુવિધા પણ ન હોય. તેથી ભગવાનના નામનાં સંકીર્તન જેવું કલ્યાણ માટે આ યુગમાં બીજું કોઈ સરળ સાધન ઉપલબ્ધનથી.''

વિદ્વાનોની વાત સાંભળી **મુક્તાનંદ સ્વામી** મંદ મંદ હાસ્ય કરતા કહે : ''હે વિદ્વાનો ! નામમાત્રથી જે મુક્તિ તે તો પાપના સમુદાયથી મુક્તિ જાણવી અથવા યમના પાશથી જાણવી. આ પ્રકારે શ્રીમદ્ ભાગવતમાં જ કહ્યું છે. નારાયણ નામનાં ઉચ્ચારણ માત્રથી અજામિલ પણ મૃત્યુના પાશથી મુક્ત થયો. 'अजामिलो नाममात्रान्मुक्तिं प्रापेति चेन्मतम् । गङ्गाद्वारे कुतस्तर्हि स योगाभ्यासमाचरत् ।।' - જો અજામિલ કેવળ નામમાત્રના ઉચ્ચારણથી જ મુક્તિને પામ્યો આવો તમારો

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

સિદ્ધાંત છે તો અજામિલે ગંગાદ્વારમાં યોગાભ્યાસ શા માટે કર્યો ? માટે અજામિલ હરિના નામોચ્ચારથી તો પાપ તથા યમના પાપથી મુક્ત થયો. મુક્તિ તો ભગવાનની ઉપાસનાથી, ભગવાનનાં સાધર્મ્યને પામેલા પાર્ષદોની દૃષ્ટિથી પામ્યા. કળિયુગમાં હરિ પ્રત્યક્ષ પ્રાદુર્ભાવ પામેલા ના હોય આવું જે વચન તે વેદ જાણનારા કોઈપણ સત્પુરુષે કહ્યું નથી. આ કળિયુગમાં અમારા ગુરુ હરિ, નારાયણના અવતાર પ્રત્યક્ષ નારાયણનો પ્રાદુર્ભાવ છે. તેમનું ઐશ્વર્ય-પરમેશ્વરપણાને અસાધારણ જણાવનાર પ્રભાવ હજારોહજાર માણસો અને મેં પ્રત્યક્ષ જોયું છે. ભગવાન શ્રીહરિ હાલમાં 'સ્વામિનારાયણ' નામથી પ્રસિદ્ધ બિરાજે છે. માટે તમોએ જે કળિયુગમાં ભગવાનનો પ્રત્યક્ષ અનુભવ ન થાય એ સિદ્ધાંત કર્યો તે મત નિર્મૂળ છે. સર્વ પ્રમાણો-અનુમાનાદિ પ્રમાણોથી પ્રત્યક્ષ પ્રમાણ અતિશય બળવાન છે માટે જ અનુમાનાદિ પ્રમાણો પ્રત્યક્ષ પ્રમાણને યુક્તિથી ખંડન કરવા માટે શક્તિમાન નથી.''



“

**મુક્તાનંદ સ્વામી કહે છે : ''ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવનું કારણ સત્શાસ્ત્રથી જાણવું. જ્યારે પૃથ્વીમાં આસુરજનોએ કરેલી ધર્મગ્લાનિથી ધર્મનો ક્ષય થાય છે ત્યારે શ્રીહરિ અવતાર ગ્રહણ કરે છે.**

”

વળી, **મુક્તાનંદ સ્વામી** કહે છે : ''ભગવાન શ્રીહરિના પ્રાદુર્ભાવનું કારણ સત્શાસ્ત્રથી જાણવું. જ્યારે પૃથ્વીમાં આસુરજનોએ કરેલી ધર્મગ્લાનિથી ધર્મનો ક્ષય થાય છે ત્યારે શ્રીહરિ અવતાર ગ્રહણ કરે છે. આ પ્રકારે શાસ્ત્રમાં કહેવાય છે.

મહાભારત ગ્રંથમાં (વનપર્વમાં) **ભગવાન** પોતે માર્કંડેય મુનિને કહે છે : 'યદા યદા हि धर्मस्य ग्लानिर्भवति सत्तम ! । अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।' - હે સત્તમ ! જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું આવિર્ભાવ પામું છું.

दैत्या हिंसानुरक्ताश्च अवध्याः सुरसत्तमैः । राक्षसाश्चापि लोकेऽस्मिन् यदोत्पद्यन्ति दारुणाः ।। तदाऽहं सम्प्रसूयामि गृहेषु शुभकर्मणाम् । प्रविष्टो मानुषं देहं सर्वं प्रशमयाम्यहम् ।।' - પ્રાણીહિંસામાં પ્રીતિવાળા, અતિ ઘાતકી, દેવેન્દ્રાદિથી વિનાશ ના થઈ શકે તેવા દૈત્યો અને રાક્ષસો પણ આ લોકમાં જે સમયે ઉત્પન્ન થાય છે. તે સમયે હું મારા એકાંતિક ભક્તોનાં ગૃહોમાં પ્રાદુર્ભાવ પામું છું. હું માનુષ્યદેહમાં પ્રવેશ પામીને સર્વ અધર્મની પ્રવૃત્તિભૂત દૈત્યો અને રાક્ષસો વગેરેના સમૂહનો નાશ કરીને ધર્મની પ્રવૃત્તિ કરું છું. (શ્રી સત્સંગિજીવન : ૪/૩૫/૨૯-૩૦)

ભગવદ્ ગીતામાં પણ કહ્યું છે : 'यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत !। अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ।।' - જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે અને અધર્મની વૃદ્ધિ થાય છે ત્યારે હું આવિર્ભાવ પામું છું.

'परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् । धर्मसंस्थापनार्थाय सम्भवामि युगे युगे ।।' - એકાંતિક સાધુઓના રક્ષણ માટે અને દુષ્કર્મ કરનારાઓના વિનાશ માટે અને એકાંતિક ધર્મની સ્થાપના માટે યુગે યુગે આવિર્ભાવ પામું છું.

વેદવ્યાસજી શ્રીમદ્ ભાગવતમાં લખે છે : 'यदा ह्यधर्मेण तमोधियो नृपा जीवन्ति तत्रैष हि सत्त्वतः किल । धत्ते भगं सत्यमृतं दयां यशो भवाय रूपाणि दधद्युगे युगे ।।' - જે સમયે તમોગુણથી આવૃત્ત બુદ્ધિવાળા રાજાઓ અધર્મ પ્રવૃત્તિપૂર્વક આચરણોથી જીવે છે તે સમયે ભગવાન દુષ્કૃત કરનારા રાજાઓના વિનાશપૂર્વક અને ધર્મપ્રવૃત્તિપૂર્વક સાધુપુરુષોના અભ્યુદય માટે પ્રત્યેક યુગમાં પારમૈશ્વર્યાદિ પોતાના સ્વભાવે સહિત અવતારોને ધારણ કરતા સતા ઐશ્વર્ય, સત્યવચન, પુણ્યકર્મ, દયા અને યશ ધારણ કરે છે.''

તથા બુદ્ધ અને કલ્કિ ભગવાનનો અવતાર પણ કળિયુગમાં કહ્યો છે, માટે જે લોકો એમ કહે છે કે, 'કળિયુગમાં ભગવાનના અવતારો થતા નથી' તેઓને શાસ્ત્રના રહસ્યોનું જ્ઞાન નથી. વળી પૂર્વે યોગેશ્વરોએ જનકરાજાને કહ્યું હતું કે, 'कृतादिषु प्रजा राजन् ! कलाविच्छन्ति सम्भव् । कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ।।' - ''સત્યુગના માણસો કળિયુગમાં જન્મ ઈચ્છે છે. કારણ કે કળિયુગમાં લોકો નારાયણપરાયણ થશે.'' હે પંડિતો ! જ્યારે નારાયણ કળિયુગમાં પ્રાદુર્ભાવ ના પામ્યા હોય તો નારાયણપરાયણ જનો ક્યાંથી થાય ? માટે પૃથ્વીમાં નારાયણ સર્વદા નિશ્ચે હોય જ, તે પ્રત્યક્ષ નારાયણને પામીને પછી ભક્તોએ નવ પ્રકારની ભક્તિ કરવી.''

'इति प्रोक्तं मया भक्ताः ! शास्त्रानुभवसम्मतम् ।' - મેં તમને આ શાસ્ત્રની રીતે અને અનુભવ સિદ્ધ વાત કહી છે. આમાં જો કોઈને સંશય થતો હોય તો ફરીથી પણ પ્રશ્ન પૂછો.

સત્શાસ્ત્રોના અર્થોથી ગૂંથાયેલી મુક્તાનંદ સ્વામીની વાણી સાંભળીને **વિદ્વાનો** મુક્તાનંદ સ્વામીનો પરાજય કરવાની ઈચ્છા ઘણું કરીને નાશ પામેલી માનવા લાગ્યા અને બીજા શાસ્ત્રીઓ તથા સભાસદો અને પ્રેક્ષકજનો તો મુક્તાનંદ સ્વામીને જીતવાની આશા નાશ પામેલી જ માનતા હતા.

થોડીવાર પછી રામચંદ્ર વૈદ્યે પૂછ્યું : 'साक्षाद्विष्णोस्तु जननं चतुर्ष्वपि युगेषु चेत् । कथं त्रियुगनामासौ पुराणादिषु कथ्यते ।।' - ''હે સ્વામી ! કળિયુગમાં ભગવાનના અવતારો થાય છે એ અમો કબૂલ કરીએ છીએ, પરંતુ અમોને બીજો **સંશય** એ થાય છે કે - જો ચારે

યુગોમાં ભગવાનના અવતારો થાય છે તો પછી વિષ્ણુપુરાણમાં ભગવાનને 'ત્રિયુગ' નામવાળા ક્યા કારણથી કહેવાય છે ?''

વિદ્વાનોનો પ્રશ્નો સાંભળી સર્વે શાસ્ત્રના રહસ્યને જાણનારા **મુક્તાનંદ સ્વામી** બોલ્યા : ''સત્શાસ્ત્રોમાં ભગવાનને ત્રિયુગ કહેલા છે એ હકીકત બરાબર છે, પણ ત્રિયુગ શબ્દનો અર્થ તમે કરો છો તેવો થતો નથી. ત્રિયુગમાં યુગ શબ્દ 'યુગ્મ એટલે જોડકું'ના અર્થમાં વપરાયેલો છે. **'યુગં યુગ્મે કૃતાદિષુ'** એમ અમરકોશમાં કહેલું છે.

ભગવાનના ઐશ્વર્યનું વર્ણન ત્રણ શબ્દયુગ્મથી કરવામાં આવે છે, એટલે **ત્રિયુગ** કહેવાય છે. તેથી ભગશબ્દવાચ્ય ઉત્પત્ત્યાદિક છ ઐશ્વર્યના સંબંધથી ભગવાનનું ત્રિયુગપણું છે.

ભગવાનનું સ્વરૂપ **છ** પ્રકારના **ઐશ્વર્યયુક્ત** હોય છે. જે ભગવાન અનાદિ માયાના ગર્ભમાં રહેલા જીવોની **ઉત્પત્તિ**=દેહ-ઈન્દ્રિયાદિના આપવાથી સૃષ્ટિ પ્રકાર, **પ્રલય**=તે જીવોનું પ્રલયકાળમાં ફરી માયામાં લય પ્રકાર, **આગતિ**=તે જીવોને વારંવાર સંસારમાં આવવાનો પ્રકાર અને **ગતિ**=તેનાથી મુક્તિનો પ્રકાર, **વિદ્યા**=મોક્ષમાં કારણભૂત જ્ઞાનના ઉપદેશનો પ્રકાર અને **અવિદ્યા**=તે જીવોના અનાદિ બંધના કારણભૂત દેહ-ઈન્દ્રિયાદિ માયાનું આવરણ તેને જાણે છે તે **ભગવાન** કહેવાય છે. ભગવાન એટલે જે ભગયુક્ત હોય છે તે. ભગ શબ્દ ભગવાનનું **છ પ્રકારનું દિવ્ય ઐશ્વર્ય** દાખવે છે - ૧. જ્ઞાન અને શક્તિ ૨. બળ અને ઐશ્વર્ય અને ૩. વીર્ય અને તેજ. ભગવાન આ છ પ્રકારનું દિવ્ય ઐશ્વર્ય, જેને ત્રણ શબ્દ યુગ્મથી વર્ણવવામાં આવે છે તે યુક્ત નિત્ય વર્તે છે. માટે એ **ભગવાન** કહેવાય છે અને **ત્રિયુગ** કહેવાય છે.

ભગવાનને ત્રિયુગ કહેવા માટે **બીજું** પણ એક **કારણ** છે. જગતમાં જેમ યુગની પ્રવૃત્તિ ચાલે છે, તેમ ગુણની પ્રવૃત્તિ પણ ચાલે છે. આ પ્રવૃત્તિ બાહ્ય અને આંતરિક એમ બે રીતે ચાલતી હોય છે. માણસમાં જ્યારે શુદ્ધ 'સત્ત્વગુણ' પ્રવર્તતો હોય છે ત્યારે **'સત્યયુગ'** પ્રવર્તે છે એમ કહેવાય છે. જ્યારે એનામાં કેવળ 'રજોગુણ' પ્રવર્તતો હોય છે ત્યારે **'ત્રેતાયુગ'** પ્રવર્તે છે એમ કહેવાય છે. જ્યારે 'રજમિશ્રિત તમોગુણ' પ્રવર્તે છે ત્યારે **'દ્વાપરયુગ'** પ્રવર્તે છે એમ કહેવાય છે. અને જ્યારે એકલો 'તમોગુણ' પ્રવર્તતો હોય છે ત્યારે એનામાં **'કળિયુગ'** પ્રવર્તે છે એમ કહેવાય છે. જ્યારે માણસમાં રજોગુણ રજમિશ્રિત તમોગુણ અને કેવળ તમોગુણ પ્રધાનપણે પ્રવર્તતો હોય છે ત્યારે એ ભગવાનની સેવાભક્તિ, ધ્યાન, ભજન, સ્મરણ વગેરે કાર્યો યથાર્થ કરી શકતો નથી. અર્થાત્ એ ગુણો પ્રવર્તતા હોય છે ત્યારે એ ભગવાનથી અને ભગવાન એનાથી દૂર વર્તતા હોય છે. આ મનોવૈજ્ઞાનિક સત્યને બીજા શબ્દોમાં રજૂ કરીએ તો એમ કહેવાય કે, રજોગુણ અને તમોગુણ એ ગુણોની પ્રવૃત્તિ ચાલતી હોય, એટલે કે ત્રેતા, દ્વાપર અને કળિ - એ ત્રણ યુગો એનામાં પ્રવર્તતા હોય ત્યારે એ ભગવાનની સેવાનું કે સામીપ્યનું સુખ મેળવી કે ભોગવી શકતો નથી. એટલે આ ત્રણ ગુણયુગની પ્રવૃત્તિ હોય છે ત્યારે માણસને ભગવાનની કૃપા પ્રાપ્ત થતી નથી. એ સિદ્ધાંત સમજાવવા માટે ભગવાનને **'ત્રિયુગ'** કહેવામાં આવ્યા છે, પરંતુ કળિયુગમાં ભગવાનનું અવતરણ થતું નથી એ અર્થમાં ત્રિયુગ શબ્દ શાસ્ત્રોમાં વાપરેલો નથી. કળિયુગમાં તો ભગવાનને સવિશેષ અવતાર ધારણ કરવો પડે, એવી સ્થિતિ પ્રવર્તતી હોય છે.

પરંતુ આ સાથે જ **બીજી એક વાત** ધ્યાનમાં રાખવી ઘટે છે કે, કળિકાળમાં ભગવાન અવતરે છે તો પોતાના સમગ્ર ઐશ્વર્યયુક્ત, પણ તે છુપાવીને વર્તવા તરફ ભગવાન વધારે કાળજી રાખે છે. કારણ કે, કળિયુગ તમોગુણપ્રધાન કાળ છે. એટલે કોઈ પ્રસંગવશાત્ ભગવાન પોતાનું દિવ્ય ઐશ્વર્ય વ્યક્ત કરે છે ત્યારે પણ તરત જ તે છુપાવીને મનુષ્ય જેવા મનુષ્યના ભાવથી વર્તતા હોય છે. શાસ્ત્રોમાં આ હકીકત દાખવતા અનેક પ્રસંગો નોંધાયેલા છે. સ્વભક્તજનોના લાલનપાલન માટે અને અધર્મનો ઉચ્છેદ કરવા માટે અવતરેલા ભગવાન જ્યારે આવું કરે છે ત્યારે આસુરી સ્વભાવ અને વૃત્તિવાળા જનો મોહ પામે છે, પણ ભક્તજનો તો આનંદ પામે અને એ માનુષીલીલાનું દિવ્યલીલાની જેમ ગાન કરે છે. આ કારણે પણ ભગવાન **'ત્રિયુગ'** કહેવાય છે.''

મુક્તાનંદ સ્વામીનો ઉત્તર સાંભળી **વિદ્વાનો** બોલ્યા : 'गुरुस्ते सहजानन्दस्वामी यः साम्प्रतं भुवि । अवतारस्त्वया विष्णोः प्रोक्तः किंनामको ह्यसौ ।।' - ''સ્વામી ! તમે કહો છો તે વાત સત્ય લાગે છે, પરંતુ એક શંકા રહે છે કે, કેટલાક શાસ્ત્રોમાં ભગવાનના દશ અવતારોનું વર્ણન કર્યું છે, તો કેટલાક શાસ્ત્રોમાં ચોવીસ અવતાર સ્વરૂપોનું વર્ણન કર્યું છે. તેમાં સ્વામિનારાયણના નામના અવતારનું વર્ણન કોઈ ઠેકાણે વાંચવામાં આવ્યું નથી. અને તમે તો એમને ભગવાન કહો છો, એ શી રીતે માની શકાય ? અને મનુષ્યાકૃતિ પૃથ્વીમાં ફરતા તમારા ગુરુ કયા અસાધારણ લક્ષણોથી ભગવાન છે તે લક્ષણો કહો. જે તમારા ગુરુ ભગવાને પર્વત, શ્રીકૃષ્ણે ગોવર્ધન પર્વત ધારણ કર્યો હતો તેમ ધારણ કર્યો નથી અને દૈત્યો પણ માર્યા નથી. શ્રીકૃષ્ણે બક-અઘ-કંસ વગેરે અસુરો જેમ નાશ કર્યા તેની માફક નાશ કર્યા નથી. તેવા તમારા ગુરુ 'પરમેશ્વર' છે એમ કયા પ્રકારે જાણવા ?''

વિદ્વાનોનો પ્રશ્ન સાંભળી **મુક્તાનંદ સ્વામી** મંદ મંદ હાસ્ય કરતા બોલ્યા : ''હે વિદ્વાનો ! કોઈ શાસ્ત્રમાં ભગવાનના દશ અવતારનું અને કોઈ શાસ્ત્રમાં એમના ચોવીસ અવતારોનું વર્ણન કર્યું હોય, તે ઉપરથી ભગવાનના અવતારોની સંખ્યા દશ યા ચોવીસ જ છે એમ માનવું, શાસ્ત્રસંમત અને સયુક્તિક ન કહેવાય. કોઈપણ શાસ્ત્રમાં ભગવાનના અવતારોની સંખ્યા 'આટલી જ છે' એવી મર્યાદા જણાવેલી નથી. ભગવાનનું અવતરણ પોતાના ભક્તજનોના લાલનપાલન અને રક્ષણ માટે થાય છે. ભક્તજનોની સંખ્યા અમર્યાદિત હોય છે, એટલે ભગવાનના અવતારોની સંખ્યા પણ અમર્યાદિત જ હોય. ભગવાનનું અવતરણ સદ્ધર્મના સંસ્થાપન તેમજ અધર્મ અને અધર્મીઓના ઉચ્છેદ માટે થાય છે. એ પ્રસંગોની સંખ્યા પણ અમર્યાદિત હોય છે, તેથી એ કાર્ય કરવા માટે થતા ભગવાનના અવતારોની સંખ્યા પણ દેખીતી રીતે

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

જ અમર્યાદિત જ હોય. આથી જ, શાસ્ત્રોમાં ભગવાનના અવતારોની સંખ્યા નિશ્ચિત આંકમાં ન જણાવતાં, તે માટે 'બહૂનિ' 'અસંખ્ય' 'અગણિત' વગેરે શબ્દો વાપરેલા છે. વળી, શ્રીમદ્ ભાગવત જેવા અનેક ગ્રંથોમાં તો ભગવાનનાં એક નામના અવતારોનો પ્રાદુર્ભાવ, એક કરતા વધુ વખત થયાનું પણ જણાવ્યું છે. જેમ કે વરાહ અને મત્સ્યાવતાર બે વખત, વામન અને બુદ્ધાવતાર ત્રણ વખત થયાનું જણાવ્યું છે. અર્થાત્ એક નામના અવતારનું પુનઃ પ્રાગટ્ય થાય, તે ઉપર પણ મર્યાદા હોય એમ જણાતું નથી. અવતારની સંખ્યા મર્યાદિત માનવી યા મનાવવી એનો અર્થ તો, ભગવાનની સર્વકર્તૃત્વશક્તિ અને સર્વથી સ્વતંત્ર હોવારૂપી શક્તિ ઉપર મર્યાદા મૂકવા જેવો થાય.

વળી ભગવાન પરોક્ષ છે અને શાસ્ત્રોમાં જેને ભગવદ્ધામો તરીકે વર્ણવેલા છે તે ધામોમાં દૂરસુદૂર બિરાજમાન છે, એમ માનીને જે ભક્તિ-ઉપાસના અને સેવા કરવામાં આવે છે તે કદી ફળદાયી થઈ નથી કે થતી નથી. પરંતુ મન-વાણી જ્યાં પહોંચી શકતા નથી અને જે અક્ષરથી પણ પરાત્પર છે એવા દિવ્યધામમાં રહેલા પરમાત્માને પ્રત્યક્ષ જાણી સમજીને જે ભક્તિ-ઉપાસના અને સેવા કરવામાં છે તે જ મોક્ષદાતા બને છે. ત્યારે જ ભક્ત ભગવાનનું સાધર્મ્ય પામે છે. કાષ્ઠમાં અગ્નિ રહેલો છે, પણ જ્યાં સુધી તેને પ્રગટ ન સમજવામાં આવે અને પ્રગટ ન કરવામાં આવે ત્યાં સુધી માત્ર કાષ્ઠનાં સાન્નિધ્ય અને સેવનથી અગ્નિનાં દર્શન-સમાગમનું સુખ કે લાભ મળતો નથી. દાળ, ચોખા, લોટ, ઘી વગેરે રૂપમાં ખાદ્ય પદાર્થો નજર સામે હોય, પણ જ્યાં સુધી તેનું ભોજન બનાવીને તે ગ્રહણ કરવામાં આવતું નથી ત્યાં સુધી ક્ષુધાની શાંતિ થતી નથી. તેમ ભગવાન છે એમ માનવા છતાં પણ જો તેમને પ્રત્યક્ષ સમજી માનીને સેવવામાં ન આવે તો, કંઈ જ પ્રાપ્તિ થતી નથી. આત્યંતિક કલ્યાણની સિદ્ધિ ભગવાનને સદા પ્રત્યક્ષ સમજીને સેવા કરવામાં આવે તો જ થાય છે. 'શ્રી સત્સંગિજીવન' સ.ગુ. શ્રી શતાનંદ સ્વામી કહે છે : 'हरिं विना च प्रत्यक्षमनेकभवसम्भवः । नैव नश्येन्महामोहः सेवनीयस्ततो हि सः ।।' (સ.જી. ૪/૩૭/૨૮) - ભગવાનને પ્રત્યક્ષ જાણી સમજીને સેવ્યા સિવાય, અનેક જન્મોના કારણે જીવ-પ્રાણીઓમાં વ્યાપેલો મહામોહ નાશ પામતો નથી. માટે ભગવાન પરોક્ષ નથી પણ સદા પ્રત્યક્ષ જ છે એમ નિશ્ચિત જાણી સમજીને એમની ભક્તિ-ઉપાસના અને સેવા કરવી જોઈએ. આ કારણે પણ ભગવાનના અવતારની સંખ્યા મર્યાદિત નથી, પણ ભગવાન નિત્ય નવલારૂપે ભક્તજન સમક્ષ પ્રત્યક્ષ થાય છે એવો સ્વીકાર કર્યા વિના છૂટકો નથી.''

સભામાં સર્વત્ર **નિરવ શાંતિ** પ્રસરી ગઈ. મુક્તાનંદ સ્વામી શ્રીવિઠ્ઠલનાથજી મંદિરનાં ગર્ભગૃહનાં દ્વારની જમણી બાજુએ બેઠા હતા. તેઓએ શ્રીવિઠ્ઠલનાથજીની મૂર્તિ તરફ સહેજ પાછું જોઈને દૃષ્ટિ કરી અને પછી સભા ઉપર દૃષ્ટિ સ્થિર કરીને **પુનઃ** સ્વામીએ વાતની શરૂઆત કરતા કહ્યું :

''હવે હું તમને અમારા ગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણને અમે શા માટે ભગવાન માનીએ છીએ તે કહું છું. કૃપા કરીને ચિત્તને શાંત અને વૃત્તિને તટસ્થ રાખીને તમે સર્વે મારી આ **વાત** ધ્યાનપૂર્વક સાંભળો. મને ખાત્રી છે કે , જો તમે મારી વાતનો તટસ્થ દૃષ્ટિએ તુલનાત્મક **વિચાર** કરશો તો એની સત્યતાની પ્રતીતિ તમને જરૂર થશે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ અમારા ગુરુ છે, પણ **'ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુઃ'** એ શ્લોકમાં **'ગુરુઃ સાક્ષાત્ પરંબ્રહ્મ'** એવું જે કહ્યું છે તે કારણે અને દૃષ્ટિએ અમે ભગવાન શ્રી સ્વામિનારાયણને પરમેશ્વર માન્યા નથી. પરંતુ શાસ્ત્રોમાં પરમાત્મસ્વરૂપના સત્ય-શૌચાદિક જે અસાધારણ **ઓગણચાળીસ** ગુણો-**લક્ષણો** કહ્યા છે તે સર્વ ગુણો-લક્ષણો ભગવાન શ્રી સ્વામિનારાયણમાં અખંડ રહેલા છે, એવી પ્રત્યક્ષ અનુભૂતિ કર્યા પછી જ એ સાક્ષાત્ પરબ્રહ્મ પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે એવો અમે નિશ્ચય કરેલો છે. વળી, સામુદ્રિકશાસ્ત્રમાં પરમાત્મસ્વરૂપનાં જે અસાધારણ ચિહ્નો[1] અને મહાપુરુષનાં બત્રીસ લક્ષણો[2] વર્ણવેલાં છે તે બધા ભગવાન શ્રી સ્વામિનારાયણના પ્રત્યક્ષ સ્વરૂપમાં રહેલા છે એ જોઈ વિચારીને જ અમે એમને પરમાત્મા માનેલા છે.''

(૧. સમુદ્ર ઋષિએ પોતાના સામુદ્રિક શાસ્ત્રમાં ભગવત્સ્વરૂપનાં જે **ચિહ્નો** જણાવેલાં છે તદનુસાર મુખ્ય અને સવિશેષ આ પ્રમાણે છે : જમણા ચરણતળમાં - સ્વસ્તિક, અષ્ટકોણ, અંકુશ, ધ્વજ, અંબુજ, જાંબુ, વજ્ર, જવ અને ઊર્ધ્વરેખા. ઊર્ધ્વરેખાનું ચિહ્ન બંને ચરણકમળમાં હોય છે. ડાબા ચરણતળમાં મત્સ્ય, ત્રિકોણ, ગોપદ, ધનુષ્ય, કળશ, અર્ધચંદ્ર અને વ્યોમ. જમણા હાથતળમાં અખંડિત ચક્ર.

૨. મહાપુરુષના **બત્રીસ** ગુણો-**લક્ષણો** સામુદ્રિક શાસ્ત્રના 'વ્યક્તિત્વ નિરૂપણ' અધ્યાયમાં શ્લોક નં. ૮૮માં સંક્ષેપથી આ પ્રમાણે કહ્યા છે :

'इह भवति सप्तरक्तः षडुन्नतः पञ्चसूक्ष्म-दीर्घो यः । त्रिविपुल-लघु-गम्भीरो द्वात्रिंशल्लक्षणः पुमान् ।।८८।।' - અર્થાત્ આ લોકમાં (૧) 'सप्तरक्तः' = જેનાં નખ, હાથ-પગ (બંનેનાં તળાં), જીભ, હોઠ, તાળવું તથા આંખોના ખૂણા (પ્રાંત ભાગ) લાલ હોય; (૨) 'षडुन्नतः' = જેની બંને કૂખો, છાતી, ગર્દન (ડોકનો પાછળનો ભાગ), નાક, નખ અને મુખ આ છ ઉપડતા હોય; (૩) 'पञ्चसूक्ष्मः' = જેના દાંત, ત્વચા, કેશ, આંગળીઓ-પર્વો તથા નખ પાતળા હોય; (૪) 'पञ्चदीर्घः' = જેમની બંને આંખો, સ્તનોનો ભાગ, જીભ, હનુ (દાઢી, ચિબુક) તથા ભુજાઓ લાંબી હોય; તથા (૫) त्रिविपुलः' = જેનું લલાટ, વક્ષઃસ્થળ તથા મુખ વિસ્તૃત (પહોળું) હોય; (૬) त्रिलघुः' = જેમની ગ્રીવા (ડોક), જંઘા (ગોઠણથી નીચેનો પગનો ભાગ) તથા લિંગ (મૂત્રેન્દ્રિય) આ ત્રણ અંગ નાના હોય, તેમજ (૭) त्रिगम्भीरः' = જેમનો સ્વર (અવાજ), નાભિ તથા સત્ત્વ (ઓજસ, પરાક્રમ) આ ત્રણ ગંભીર હોય; આ પ્રકારનાં બત્રીશ લક્ષણે યુક્ત પુરુષ કોઈ શ્રેષ્ઠ-**મહાન વ્યક્તિ** હોય છે. અને તે વ્યક્તિ વાસ્તવિક અર્થમાં 'रञ्जयति इति राजा' એ રીતે રાજા થવા માટે પણ **શુભલક્ષણ** યુક્ત માનવામાં આવે છે.

એ ખરું છે કે, ભગવાન શ્રી સ્વામિનારાયણે પર્વતો ઊંચક્યા નથી કે સાગરો ઉપર સેતુ બાંધ્યા નથી. એમણે દાનવોનો નાશ કર્યો નથી કે રાજાઓને માર્યા નથી. પરંતુ જરા વિવેકદૃષ્ટિ વાપરીને વિચારવામાં આવે તો, એ બધી ક્રિયા જેણે કરી હોય તે જ **પરમાત્મા** કહેવાય એવું કોઈ શાસ્ત્રમાં કહેલું નથી, યા એવું વ્યવહારમાં પણ મનાતું નથી. એ વાતની તરત જ **પ્રતીતિ** થાય તેમ છે. ચમત્કારો બતાવવા કે મહાબળનું પ્રદર્શન કરવું એ જ ભગવાનપણાનું લક્ષણ કદી ગણાયું નથી અને આજે પણ ગણાતું નથી. પણ પોતાના અસંખ્ય આશ્રિતજનોને અંતઃશત્રુઓ ઉપર વિજય મેળવી શકે એવા બળવાન બનાવવા, એમને નિર્લોભી, નિષ્કામી, નિઃસ્વાદી, નિઃસ્પૃહી અને નિર્માની બનાવવા અને સ્વસ્વરૂપને ઓળખીને પરમાત્મ સ્વરૂપમાં અખંડ જોડાયેલા કરવા એ જ **ભગવાનપણાનું લક્ષણ** ગણાય છે.

'यस्य भक्ता जितक्रोधा जितकामाश्च निःस्पृहाः । जितस्वादाश्च निर्लोभा निर्मानाः स्युः स वै हरिः ।।' - જે પોતાના આશ્રિત ભક્તોને કામ, ક્રોધ, લોભને જીતાવી નિઃસ્પૃહી, નિર્લોભી અને નિર્માની બનાવે તેને **ભગવાન** જાણવાં. (સ.જી. ૪/૩૭/૪૯)

હજારો આશ્રિતોને નિર્વાસનિક બનાવવા, આ લોકમાં સોએ સો અને હજારોહજાર આશ્રિત ભક્તજનો યમાદિ અષ્ટાંગયોગના અભ્યાસ વિના જ સમાધિનું સાચુ સુખ લેતા કરવા, સત્શાસ્ત્રોમાં વર્ણવેલા ભગવાનના અનેક અવતારો અને અનેક સ્વરૂપોને પોતાના સ્વરૂપમાં લીન કરી દાખવવા, જુદી-જુદી ઉપાસનાવાળાં હજારો નરનારીઓને સમાધિ કરાવીને તેમના ઈષ્ટદેવનાં દર્શન કરાવવા અને ઈષ્ટદેવનાં સ્વરૂપને પોતાનાં સ્વરૂપમાં સમાવી દાખવવું, જુદાં જુદાં સ્થળે રહેતા હજારો ભક્તજનોના મનોરથો પૂરા કરવા માટે અનેક સ્થળે એકીસાથે દિવ્ય સ્વરૂપે પ્રત્યક્ષ થવું, હજારો આશ્રિતોને કાળના ભયથી મુક્ત કરી નિર્ભય બનાવવા, હજારો આશ્રિતોને સ્વસ્વરૂપનું જ્ઞાન આપીને અંતકાળે પોતાના દિવ્યધામમાં લઈ જવા એ જ **ભગવાનપણાનું લક્ષણ** છે.

આ બધા **ગુણો-લક્ષણો** અમારા ગુરુ ભગવાન શ્રી સ્વામિનારાયણમાં સહજ પ્રવર્તે છે. આ ગુણો-લક્ષણો કોઈ પ્રકારની સાધના કે પુરુષાર્થ કર્યા સિવાય એમનામાં **સ્વભાવસિદ્ધ** રહ્યા છે. માટે અમે એમને પરમેશ્વર જાણી સમજીને ભક્તિ-ઉપાસના અને સેવા કરીએ છીએ.

હવે તમારો પ્રશ્ન જે ભગવાન શ્રી સ્વામિનારાયણના **અવતરણ અંગે** કોઈ શાસ્ત્રોમાં **નિર્દેશ** કરેલો છે કે કેમ ? એ અંગે **વિચાર** કરીએ : 'कृतादिषु प्रजा राजन् कलाविच्छन्ति सम्भवम् । कलौ खलु भविष्यन्ति नारायणपरायणाः ।।' - હે રાજન્ ! સત્યુગ વગેરે ત્રણ યુગમાં ઉત્પન્ન થયેલા લોકો પણ 'તેમનો **જન્મ** કળિયુગમાં થાય' એવી **કામના** કરે છે. કેમ કે, કળિયુગમાં ભગવાન **નારાયણ**ના શરણાગત અને તેમના **આશ્રય**માં રહેનારા અનેકજનો **ભક્તિપરાયણ** થશે. (શ્રીમદ્ ભાગવત : ૧૧/૫/૩૮)

શ્રી શુકદેવજી પરીક્ષિતને ભવિષ્યમાં પ્રગટ થનાર ભગવાનના **ગુણોનું વર્ણન** કરતા કહે છે : 'किरातहूणान्ध्रपुलिन्दपुल्कसा आभीरकङ्कायवनाः खसादयः । येऽन्ये च पापा यदुपाश्रयाश्रयाः शुध्यन्ति तस्मै प्रभविष्णवे नमः ।।' - કિરાત, હૂણ, આંધ્ર, પુલિન્દ (ભીલ), પુલ્કસ (ચાંડાળ), આભીર, કંક, યવન, ખસ વગેરે નીચ જાતિઓ તથા બીજા પાપીઓ પણ જેમનું તથા જેમના શરણાગત ભક્તોનું **શરણ** લેવાથી જ **પવિત્ર** થઈ જાય છે તે ભવિષ્યમાં પ્રગટ થનારા ભગવાનને હું **નમસ્કાર** કરું છું. (શ્રીમદ્ ભાગવત : ૨/૪/૧૮)

જ્યારે જરાસંધ ત્રેવીસ અક્ષૌહિણી સેના લઈને મથુરામાં યુદ્ધ કરવા આવે છે તે જોઈને ભગવાન શ્રીકૃષ્ણ વિચાર કરે છે, આ અવતાર તો મેં 'પૃથ્વીનો ભાર હરવા' એ આદિ **પ્રયોજન** માટે ધર્યો છે, અને એ રીતે સજ્જનોની રક્ષા કરી છે. પરંતુ કોઈક કાળે ફરીથી પણ અસુરો અધર્મને પ્રવર્તાવશે ત્યારે **સત્પુરુષો** અને **ધર્મ**ની **રક્ષા** માટે તેમજ અધર્મના વિનાશ માટે હું બીજો પણ અવતાર ધારણ કરીશ એમ **નિશ્ચય** કરીને કહે છે : 'अन्योऽपि धर्मरक्षायै देहः संभ्रियते मया । विरामायाप्यधर्मस्य काले प्रभवतः क्वचित् ।।' - અર્થાત્ કોઈ સમયે ધર્મની રક્ષા માટે તથા વધી રહેલા અધર્મનો નાશ કરવા માટે હું **બીજો અવતાર** પણ ધારણ કરીશ. (શ્રીમદ્ ભાગવત : ૧૦/૫૦/૧૦)

સ્કંદપુરાણમાં **વાસુદેવ ભગવાન** પણ સૃષ્ટિના આદિકાળમા બ્રહ્મા પાસે કરેલી પ્રતિજ્ઞા નારદને જણાવતાં કહે છે : 'मया कृष्णेन निहताः साऽर्जुनेन रणेषु ये । प्रवर्तयिष्यन्त्यसुरास्ते त्वधर्मं यदा क्षितौ ।।४२।। धर्मदेवात् तदा भक्तावहं नारायणो मुनिः । जनिष्ये कोशले देशे भूमौ हि सामगो द्विजः ।।४३।। मुनिशापान् नृतां प्राप्तानृषींस्तात ! तथोद्धवम् । ततोऽविताऽसुरेभ्योऽहं सद्धर्मं स्थापयन्नज ! ।।४४।।' - હે બ્રહ્મન્ ! અર્જુને સહિત મારા દ્વારા રણમાં હણાયેલાં સવાસનિક અસુરો જ્યારે પૃથ્વી ઉપર અધર્મ પ્રવર્તાવશે. ત્યારે **નારાયણમુનિ** એવો જે હું તે પિતા ધર્મદેવ અને માતા ભક્તિદેવી થકી પૃથ્વી ઉપર કોશલ દેશમાં સામવેદી-દ્વિજકુળમાં **અવતાર** ધારણ કરીશ.

હે અજ ! (ભગવાન વાત્સલ્યથી બ્રહ્માને કહે છે :-) હે તાત ! સદ્ધર્મનું સ્થાપન કરતો થકો હું મુનિના શાપથી મનુષ્યત્વ પ્રાપ્ત કરેલા તે ઋષિઓનું તથા ઉદ્ધવનું અસુરો થકી **રક્ષણ** કરીશ. (स्कन्दपुराणे द्वितीये वैष्णवखण्डे वासुदेवमाहात्म्ये अष्टादशमेऽध्याये श्लोकाः ४२-४३-४४, चौखम्बा कृष्णदास अकादमी)

અત્રે શ્રી વાસુદેવ માહાત્મ્યમાં કેટલીક પ્રતોમાં આવો પણ પાઠભેદ પ્રવર્તે છે : 'धर्मदेवात्तदा मूर्तौ, नरनारायणात्मना । प्रवृत्तेऽपि कलौ ब्रह्मन्, भूत्वाहं सामगो द्विजः ।।' - ધર્મદેવ તથા ભક્તિદેવીને માતા-પિતા બનાવી નરનારાયણને શાપના નિમિત્ત બનાવી કળિયુગમાં સામવેદી બ્રાહ્મણકુળે સ્વયં ભગવાન અવતરશે.

કૂર્મપુરાણમાં ભગવાન શ્રીકૃષ્ણ પોતાના અંતર્ધાન સમયે ભૃગુ આદિ મહર્ષિઓ પ્રત્યે કહે : 'ये ब्राह्मणा वंशजाता युष्माकं वै सहस्रशः ।

**तेषां नारायणे भक्ति र्भविष्यति कलौ युगे ।।१२।। परात्परतरं यान्ति नारायणपरा जनाः ।... ।।१३।।'** - હે મહર્ષિઓ ! જે તમારા વંશમાં હજારો જે બ્રાહ્મણો ઉત્પન્ન થશે તેમને કળિયુગમાં પરબ્રહ્મ ભગવાન નારાયણને વિષે દૃઢ ભક્તિ ઉદય થશે અને પરાત્પર એવા જે એ પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ તેમને તે સર્વે પામશે. (કૂર્મપુરાણ : ૨૭/૧૨-૧૩)

આ સિવાય બીજા કેટલાક શાસ્ત્રોમાં સીધો **નામજોગ નિર્દેશ** કરવાને બદલે આડકતરું સૂચન થાય એવી રીતના **ઉલ્લેખો** કરવામાં આવ્યા છે. કેટલાક કહે છે કે, ઉપરોક્ત શ્લોકો ક્ષેપક છે. એટલે કે શાસ્ત્રોમાં પાછળથી ઉમેરવામાં આવેલા છે. કેટલાક શાસ્ત્રોમાં ક્ષેપક શ્લોકો હોય છે એ વાત માનવી પડે તેમ છે. પરંતુ અત્રે ટાંકેલા શ્લોકો ક્ષેપક નથી એની ખાત્રી અનેક રીતે થઈ શકે તેમ છે. જે શાસ્ત્રોમાંથી એ શ્લોકો ઉદ્ધૃત કરવામાં આવેલા છે તે શાસ્ત્રોમાં આ શ્લોકો શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું પ્રવર્તન થયું તે પૂર્વે જ દર્શાવેલા છે. આ શાસ્ત્રોની ભારતમાં જુદા જુદા સ્થળોએ જુદી જુદી હસ્તલિખિત પ્રતો આજે મળે છે તેમાં આ શ્લોકો દર્શાવેલા છે. વળી, શાસ્ત્રોમાં કેટલા શ્લોકોનું સંખ્યાબળ છે તે સંખ્યા અંતભાગમાં જણાવવામાં આવે છે. તે સંખ્યાબળ આ શ્લોકોને ગણત્રીમાં મળી રહે છે. એ કારણથી આ શ્લોકોને ક્ષેપક માની શકાય તેમ નથી. જણાવેલાં સર્વ કારણોનો વિચાર કરીને સર્વ સુજ્ઞ મુમુક્ષુજનોએ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રય કરીને ભક્તિ-ઉપાસના અને સેવા કરવી ઘટે છે.

આ રીતે મુક્તાનંદ સ્વામીએ સભામાં સર્વે વિદ્વાનો આગળ કળિયુગમાં પણ ભગવાન પ્રગટ થાય છે, એવો સિદ્ધાંત અનેક સત્શાસ્ત્રોના વચનોથી સાબિત કરી આપ્યો. તે સાંભળી સર્વે વિદ્વાનો પ્રસન્ન થયા. તેમાં કેટલાક ભગવાન શ્રી સ્વામિનારાયણના આશ્રિત થયા અને જે આશ્રિત ન થયા તે પણ મનમાં તો સમજ્યા કે, સ્વામિનારાયણ ભગવાન છે અને એમનો સ્થાપન કરેલો સંપ્રદાય પણ વૈદિક શાસ્ત્રો પ્રમાણે જ છે. અને તેમના આ સાધુ પણ શાસ્ત્રમાં કહેલા ત્રીસે લક્ષણોથી યુક્ત ભગવાન જેવા જ છે. અન્યથા આ કળિમાં બ્રહ્મચર્યાદિક નિયમ બીજા કોઈથી પળે નહીં. પછી તે સર્વે વિદ્વાનો હાથ જોડીને બોલ્યા : "હે સ્વામી ! આપના સમાગમથી અમારું તો નિઃસંદેહ કલ્યાણ થયું."

પછી મુક્તાનંદ સ્વામીએ કહ્યું : "તમારા સર્વ પ્રશ્નોનો **ખુલાસો** કરવામાં આવ્યો છે, એમાં જો કોઈને કંઈ **શંકા** રહેતી હોય યા કંઈ બીજું પૂછવું હોય તો તમે ખુશીથી પૂછી શકો છો."

પછી સભામાં બેઠેલા શાક્તપંથમાં અગ્રણી દુર્ગાશંકર શાસ્ત્રી તથા ગૌરીશંકર શાસ્ત્રી, એ **બે જણ** બોલ્યા : "સ્વામિનારાયણ ભગવાન છે, પણ વેદમાં કહેલા પશુહિંસા સહિત યજ્ઞ કરવાનો તથા આદ્યશક્તિ દેવીને મહામાંસનું **નૈવેદ્ય** કરવાનો **નિષેધ** કરે છે, તો શાસ્ત્રમાં કહેલા વિધિવાક્યોનો નિષેધ કરી તેમનું **ખંડન** કરે છે, તેનું શું **કારણ** છે ?"

ત્યારે **મુક્તાનંદ સ્વામી**એ કહ્યું : "વેદમાં પશુહિંસા સહિત યજ્ઞ કરવાના વિધિવાક્યો નથી અને ક્વચિત



> "**વેદ તો ભગવાનનું સ્વરૂપ છે, મહા દયાળુ છે અને સર્વ જીવના મા-બાપ જેવા છે, તે કોઈ દિવસ પોતાના છોકરાના પ્રાણ લેવાની આજ્ઞા આપે જ નહીં.**"

તેવા વાક્યોનો આભાસ થતો હશે, તો તે રાગપ્રાપ્ત હિંસાના સંકોચને અર્થે હશે. તેનો નિર્ણય **શ્રીમદ્ ભાગવત**માં જ કર્યો છે.

આ લોકમાં મૈથુન, માંસ અને મદ્યનું સેવન તો જંતુમાત્રને નિત્ય છે. તેમાં કાંઈ વેદની પ્રેરણાની જરૂર નથી. એ તો તે મુકાવવાની વ્યવસ્થા આ રીતે કરી છે જે, વિવાહ કરેલી સ્ત્રીને વિષે જ મૈથુન કરવું, યજ્ઞને વિષે જ માંસ અને સુરાનું આઘ્રાણ માત્ર કરવું, પણ ખાવું પીવું નહીં. એમ નિત્ય કરનાર એકદમ તેનો ત્યાગ ન કરી શકે, માટે ધીરે ધીરે તે સર્વ મુકાવવાની વ્યવસ્થા કરી છે.

પ્રાચીન બર્હિષરાજાને કૃપાળુ નારદજીએ યજ્ઞમાં મારેલા પશુઓ શસ્ત્ર સજ્જ કરીને, તે રાજાનું વેર લેવા ઊભેલા દેખાડ્યા. ત્યારે તે રાજા હિંસામય યજ્ઞનો ત્યાગ કરીને અહિંસા ધર્મને આશર્યો. વળી મહાધર્મજ્ઞ અને ભગવદ્ભક્ત ઉપરિચરવસુ રાજાએ પણ ઈન્દ્રનો પક્ષ ગ્રહણ કરી 'વેદમાં પશુ હિંસા સહિત યજ્ઞ પણ કહ્યો છે' એમ કહ્યું કે તરત જ સ્વર્ગમાંથી ઊંધે મસ્તકે પૃથ્વી ઉપર પડ્યા. એ કથા મહાભારતમાં, મત્સ્યપુરાણમાં તથા વાસુદેવમાહાત્મ્ય આદિ સત્શાસ્ત્રોમાં પ્રસિદ્ધ છે."

એ રીતે મુક્તાનંદ સ્વામીએ શાસ્ત્રના ઘણા સિદ્ધાંત કહ્યા. તે સાંભળીને તે બે **શાક્ત શાસ્ત્રીઓ** બોલ્યા : "ત્યારે અમે તો વેદને હિંસા પર છે એમ સ્પષ્ટ રીતે કહીએ છીએ, તોપણ અમને તો કંઈ જ થતું નથી."

ત્યારે **સ્વામી** બોલ્યા : "તે કંઈ અમે કહેતા નથી." ત્યારે 'વેવેવે, દદદ, હિંહિંહિ, સાસાસા, પપપ, રરર, છેછેછે, આઆઆ, તતત, પપપ...' એમ તોતડા અને ભાંગ્યા તૂટ્યા શબ્દો બોલતા બોલતા તે બેઉ જણની જીભો ગંઠાઈ ગઈ. તેથી સમૂળગું બોલવાનું બંધ થયું. આથી ભગવાન શ્રીહરિના આશ્રિત વિના બીજા સર્વે મનુષ્યો હસાહસ કરવા માંડ્યા. અને તે બે જણ તો સભામાં ભોંઠા અને શ્યામવદન થઈ ગયા. તેથી પાછા ખસીને શોકાતુર થઈ મૌન બેસી રહ્યા. એ રીતે વેદને હિંસા પર છે એમ કહેવાથી તે બે જણની જીભો બોલતા બોલતા ગંઠાઈ ગઈ.

આવો મુક્તાનંદ સ્વામીનો **પ્રતાપ** નજરે જોયો, તોપણ તે સભામાંથી મૂઢ બુદ્ધિવાળા શાક્તપંથી માણકેશ્વર દીક્ષિત, કૃપાશંકર

જાની, રઘુનાથ દવે અને દેવીદાસ બાવો; એ ચારે ઉતાવળા ઊંચે સ્વરે બોલી ઊઠ્યા કે, "ચારે વેદમાં પશુહિંસા સહિત યજ્ઞ કરવો કહ્યો છે અને યજ્ઞ અવશેષ માંસ ભક્ષણ કરવાનું પણ કહ્યું છે. તેના પ્રમાણની સોએ સો શ્રુતિઓ છે અને તમે શા કારણથી નિષેધ કરો છો ?" ત્યારે સ્વામીએ કહ્યું : "વેદ તો ભગવાનનું સ્વરૂપ છે, મહા દયાળુ છે અને સર્વ જીવના મા-બાપ જેવા છે, તે કોઈ દિવસ પોતાના છોકરાના પ્રાણ લેવાની આજ્ઞા આપે જ નહીં. પણ એ વેદ અનાદિ કાળના છે, તેને વિપરીત મતિવાળા અસુરોએ પોતાના નવા કલ્પિત શબ્દો ગોઠવીને બાધ પમાડ્યા છે. તેથી જ એ શ્રુતિઓનો હિંસા પર વિપરીત અર્થ, જે હિંસાપ્રિય અસુરો હોય તેને સૂઝે છે."

આ પ્રકારના સ્વામીના વચન સાંભળીને રઘુનાથજી દવે તથા દેવીદાસ બાવો, એ બે જણ તો પોતાના શાક્તમતનો ત્યાગ કરી સ્વામીને પરમેશ્વર જેવા જાણી, વર્તમાન નિયમ ધારીને સત્સંગી થયા. પણ માણકેશ્વર અને કૃપાશંકર, એ બે મૂઢ તો માંહોમાંહે કોઈ ન સાંભળે તેમ બકતા હતા કે, "એ બધી વાત કપોળ-કલ્પિત છે અને પોતાનો મત વધારવાના પુષ્ટિ વાક્ય છે, પણ કંઈ સત્ય નથી. સત્ય તો એક મહાકાળી છે અને તેના પ્રતાપથી આપણા અંતઃકરણ તથા ઈન્દ્રિયોમાં કેવું સામર્થ્ય છે કે, શ્રીવ્યાસમુનિકૃત ભગવતી ભાગવતના ઘણા અભિપ્રાય આપણે જાણ્યા છે. અને આ સાધુ તો બોપદેવ બ્રાહ્મણનું કરેલું શ્રીમદ્ ભાગવત, જે કપોળ-કલ્પિત છે તેને સત્ય કહે છે."

આ રીતે તે બે મૂઢના બકવાદને જાણીને **મુક્તાનંદ સ્વામી** બોલ્યા : "તમે શ્રીમદ્ ભાગવતને કપોળ-કલ્પિત કહો છો ને દેવી ભાગવતને વ્યાસમુનિકૃત કહો છો, ત્યારે તમારા અંતઃકરણ-ઈન્દ્રિયોના દેવ તો જુદા જુદા છે. તે પાંચ જ્ઞાનેન્દ્રિયોના દેવ તથા મન, બુદ્ધિ, ચિત્ત અને અહંકાર - એ ચાર અંતઃકરણના દેવો સહિત ચોવીશ તત્ત્વ વિરાટને વિષે હતા, તોપણ વિરાટ શરીર ઊઠ્યું નહિ. અને જ્યારે ચિત્તના દેવ જે વાસુદેવ, તેણે જ્યારે પ્રવેશ કર્યો ત્યારે તે વિરાટ શરીર ઊઠ્યું અને તે વૈરાજપુરુષ પોતાની ક્રિયાની સામર્થી પામ્યા. એવા સર્વ શક્તિઓના પ્રેરક તો વાસુદેવ ભગવાન છે અને તમે તો એક મહાકાળીના પ્રતાપથી જ અંતઃકરણ ઈન્દ્રિયોની સામર્થી પામ્યાનું કહો છો, ત્યારે તો વૈરાજપુરુષ ઈશ્વરથી પણ તમે જીવ વધ્યા કે શું ? તમારા અંતઃકરણ ઈન્દ્રિયોના દેવ નથી."

તો કહે : "ના, ના, ના, ના, આ, આ, આ, આ" કરતા બોલવા, સાંભળવા અને જોવાનું બંધ થઈ ગયું અને ચારે અંતઃકરણરૂપ હૈયું પણ સ્થિર થઈ ગયું. હાથ-પગ જ્યાં ને ત્યાં શૂન્યપણાને પામી ગયા. તેથી પથ્થરના પૂતળા જેવા સજ્જડ થઈ ગયા. ઈન્દ્રિયોના દશે દેવ ઊઠી ગયા. તેથી સર્વે ઈન્દ્રિયો પણ અચેતન થઈ ગઈ. પછી તે બે પૂતળાંને સરકારના સિપાઈઓ પાસે ઉપડાવીને એક તરફ ખૂણામાં ગોઠવ્યાં.

ત્યારપછી **ભાઉપુરાણિક** બોલ્યા : "હવે કોઈને કાંઈ પૂછવું હોય તો બોલો." તે વખતે બે-ચાર જમાતી ઝૂંડના બાવા છાતી કાઢીને બોલી ઊઠ્યા કે, "હમ સબ પૂછનેવાલે મોજૂદ બૈઠે હે !" ત્યારે ભાઉ પુરાણિક બોલ્યા : "અચ્છા ! પૂછો." પછી તે બોલ્યા : "જીવનમુક્તાને નવા પંથ કાયકું નિકાળા ? ઔર લાલજી, શાલીગ્રામકું પાયખાનેમેં વો કાયકું ડાલ દેતે હે ?" પછી ભાઉપુરાણિકે કહ્યું : "સ્વામી ! તમે એનો ઉત્તર કરો."

ત્યારે **સ્વામી** બોલ્યા : "જ્યારે જ્યારે જેના પંથ થયા ત્યારે તે નવા જ થયા છે. સૃષ્ટિ પહેલાનો કોઈનો જૂનો પંથ નથી. લાલજી તથા શાલીગ્રામને કૂવામાં નાંખવાનું કર્મ તો યવન હોય તે કરે અને એવું બોલે પણ તે જ. અમારે તો સર્વ સાધુ-સત્સંગીની પૂજામાં લાલજી તથા શાલીગ્રામ છે. તેમની નિત્યે ચંદન, તુલસી, પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્ય વડે પૂજા કરીએ છીએ. ખાત્રી કરવી હોય તો આ અમારા સત્સંગી ગૃહસ્થ બેઠા છે, તેમની સાથે એક સરકારી માણસ તથા એક તમારા સાધુ જઈને અમારા મંદિરમાં તથા એ ગૃહસ્થને ઘેર જોઈ આવો. સિંહાસનમાં પધરાવેલા લાલજી, શાલીગ્રામને ચંદન, તુલસી, પુષ્પથી પૂજેલા છે કે નહીં ?" પછી **ભાઉપુરાણિક** બોલ્યા : "ઉત્તર ઝાલા...!"

વળી **બાવા** બોલ્યા : "જીવનમુક્તા અપને પાઉં પર તુલસીજીકું કાયકું ચઢાતે હૈ ?" સ્વામી કહે : "જ્યારે મોટો સમૈયો થાય છે ત્યારે અપાર માણસો ભગવાન શ્રી સ્વામિનારાયણના દર્શન કરવા આવે છે અને તેમની પૂજા કરી હજારો પુષ્પ અને તુળસીના હાર ઉપરાઉપરી ચડાવતા તેમાંથી કોઈક પગ ઉપર પણ પડતાં હશે, પણ પોતે કોઈને કહેતા નથી કે, તમે અમારે પગે તુલસી ચઢાવો." પછી ભાઉપુરાણિક બોલ્યા : "ઉત્તર ઝાલા...!"

વળી બાવા બોલ્યા : "જીવનમુક્તાકું તુમ સબ ભગવાન કાયકું કહતે હો ?" સ્વામી બોલ્યા : "આ આકાશમાં સૂર્ય છે તેને તમે સૂર્યનારાયણ કેમ કહો છો ?" તો કહે : "ઉનકા તો બ્રહ્માંડમેં પ્રકાશ હો રહા હૈ." સ્વામી બોલ્યા : "પણ ઘુવડ, વાગોળ અને જન્માંધ, એ કોઈ સૂર્યનારાયણનો પ્રકાશ અને પ્રતાપ દેખતા જાણતા નથી. તેમ સ્વામિનારાયણ પણ ભગવાન છે, તેઓનો પ્રકાશ અને પ્રતાપ સમગ્ર બ્રહ્માંડમાં છવાઈ રહ્યો છે. તે સર્વ જગત દેખે જાણે છે, પણ મૂઢ અને મદાંધ એ કોઈ દેખતા જાણતા નથી." પછી **ભાઉપુરાણિક** બોલ્યા : "ઉત્તર ઝાલા...!"


બાપુસાહેબ મંડપમાં બેઠા હતા, તેમના ભયથી ત્રાસ પામેલા તોફાની ભેખધારીઓ, તે સભામાં દબાઈને અતિ નરમાશથી બોલતા હતા, પણ મંદિરના ચોકમાં તથા ઓસરીઓમાં માણસોની ભીડમાં તેઓએ ઘણું તોફાન કરવા માંડ્યું. તે હકીકત જાસૂસથી જાણી સરકારે આંબુમિયાં અને જાંબુમિયાંને મોકલ્યા. તેમણે આવીને હથિયાર બતાવી હાંકોટો કર્યો, તેથી તમામ તોફાની ત્રાસ પામી તરફડી (ફફડી) ગયા. પછી ભાઉપુરાણિક બોલ્યા : "હવે કોઈ મતપંથવાળાને કંઈ પણ પૂછવું હોય તો બોલો." પણ તે શાસ્ત્રચર્ચા સભામાં કોઈ બોલ્યાં નહીં. ત્યારે ભાઉપુરાણિક ઊંચે સ્વરે બોલ્યા : "હવે સર્વે મળીને ઊંચે

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

સાદે, જેમ સરકારની હવેલી સુધી ગર્જના થાય તેમ **સ્વામિનારાયણ ભગવાનની જય** બોલો.'' પછી એકદમ સામટા હજારો માણસો એકસાથે **સ્વામિનારાયણ ભગવાનની જય** બોલ્યા.

પછી ભાઉપુરાણિકે સાકર મંગાવી, દેવને નૈવેદ્ય ધરાવીને તે થાળ સ્વામી પાસે મૂક્યો અને દેવના ચંદન અને પુષ્પહારથી સ્વામીની સર્વે મંડળે સહિત પૂજા કરી, ને જગન્નાથી ચાદરો સ્વામી સહિત સર્વ સંતને ઓઢાડી. પછી સ્વામીએ તો ભાઉપુરાણિ, નાનાસાહેબ તથા બાપુસાહેબ વગેરે સર્વેને મોટા થાળમાંથી પોતાની પોશો ભરીને સાકરનો પ્રસાદ આપ્યો અને તે જ રીતે બધા વિદ્વાનોને પણ આપ્યો.

પછી સ્વામી દેવને નમસ્કાર કરીને ઊઠ્યા અને સર્વ સંતમંડળ સહિત ચોકમાં આવ્યા. ત્યાં ભાઉપુરાણિક, નાનાસાહેબ તથા બાપુસાહેબ સ્વામીની આગળપાછળ ઊભા. તે વખતે આંબુમિયાં, જાંબુમિયાં એ બે ભાઈ છેટે રહીને પૃથ્વી ઉપર મસ્તક મૂકીને હાથ જોડીને સ્વામીને નમસ્કાર કરીને, ચારેતરફ જોઈને બોલ્યા : **''સબ**




**હિંદુ મુસલમાન બોલો, સ્વામિનારાયણ કી જય...''** તરત જ હજારો માણસો જય બોલ્યા. તે હવેલીમાં શ્રીમંત સરકારે તથા હજારો માણસોએ સાંભળ્યું. પછી આખા શહેરમાં જ્યાં ને ત્યાં હજારો માણસો **'સ્વામિનારાયણની જય'** બોલી રહ્યા હતા. વડોદરામાં દરેક ગૃહોમાં, દરેક ભવનોમાં 'શ્રી સ્વામિનારાયણ ભગવાન છે' આ પ્રકારની જ વાર્તા થઈ રહી હતી.

પછી ભાઉપુરાણિકનો હાથ ઝાલીને મંદિરની બહાર નીકળ્યા. તે વખતે સામા મહેલના મોટા છજામાં સરકાર, રાજમંડળ સહિત બેઠા હતા. તેમણે ઊભા થઈને નમસ્કાર કર્યા. એ રીતે દિગ્વિજય કરીને સંતમંડળ સહિત સ્વામી મંદિરમાં પધારીને, દેવને દંડવત્-પ્રણામ કરીને સભા મધ્યે ગાદીતકિયે બિરાજમાન થયા. ત્યાં નાથભક્તે દશ મણ સાકર મંગાવીને દેવને નૈવેદ્ય કરીને સર્વને વહેંચી.

મુક્તાનંદ સ્વામી સાથે આવેલા **ભાઉપુરાણિક, નારુપંતનાના** અને **બાપુસાહેબ** બોલ્યા : ''આપણે શ્રીઠાકોરજીના બંગલાની ટોચે 'શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્' એમ મોટા અક્ષરો લખાવીને ઊંચું નિશાન ચઢાવીએ.'' ત્યારે **સ્વામીએ કહ્યું :** ''હે ભક્તો ! તે આપણે પોતે પોતાના મંદિર પર ચઢાવાય નહીં. શ્રીમંત સરકારે પોતાના મંદિર પર તથા મધ્યે માંડવીની ટોચે એવા અક્ષર લખાવીને, મોટા બે નિશાનો તથા વાવટા અને સોનાના બે કળશ, ઊંચા ચઢાવી દેવડાવ્યાં છે.'' એમ કહી તે સર્વને પુષ્પના હાર અને પ્રસાદી આપીને વિદાય કર્યા.

પછી તે સર્વ જઈને જુએ છે તો માંડવીની ટોચે તથા શ્રીવિઠ્ઠલનાથજીના મંદિર ઉપર એ જ રીતે **'શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્'** એવા લાલ અક્ષર લખેલા ઊંચા આસમાનમાં ફરકતા વાવટા દીઠા. શહેરના લોકો તે જોઈને સ્વામિનારાયણની જય બોલાવતા હતા.

ભાઉપુરાણિક, નારુપંતનાના અને બાપુસાહેબ આદિક ભક્તો સયાજીરાવ સરકાર પાસે જઈને મુજરો કરીને આ વાવટા વિષે પૂછ્યું તો સરકારે કહ્યું : ''મુક્તાનંદ સ્વામી શાસ્ત્રચર્ચામાં સ્વામિનારાયણ ભગવાનનો જય મેળવીને મેનામાં બેસીને પધાર્યા કે તરત અમે શ્રીસ્વામિનારાયણ વિજયધ્વજના બે ઠેકાણે વાવટા ચઢાવવાનો હુકમ કર્યો. તેથી હમણાં જ વાવટા તથા કળશ ચઢાવીને માણસ ઊતર્યા.'' આવું સાંભળી **ભાઉપુરાણિક** બોલ્યા : ''એ વાત મુક્તાનંદ સ્વામીએ મંદિરમાં અમને તરત કહી હતી. એ સ્વામી સાક્ષાત્ ભગવાન જેવા અંતર્યામી છે.'' એમ કહીને સર્વે પોતપોતાને ઘેર ગયા.

શાક્તપંથી બે જે **દુર્ગાશંકર** તથા **ગૌરીશંકર** 'વેદ હિંસા પર છે' એમ સભામાં સ્વામી આગળ બોલ્યા હતા તે બંનેની જીભો એકદમ ગંઠાઈ ગઈ હતી. તે તો સભામાંથી ઊઠીને પોતાને ઘેર ગયા. ત્યાં તો પોતાના શરીરની બધી રગો ગંઠાઈને સજ્જડ થઈ ગઈ. આખી રાત **મહાદુઃખની વેદના** પામ્યા. તેમના સગાસંબંધી બધા ગભરાઈ ગયા અને બીજા કેટલાક વિદ્વાનો પણ તેમની પાસે આવ્યા. તે સર્વને પોતે હાથની સંજ્ઞા વડે સમજાવ્યું કે, ''અમારી જીભો ગંઠાઈ ગઈ છે, તેથી બોલાતું નથી. તેમજ શરીરની બધી રગો પણ ગંઠાઈ ગઈ છે અને દારુણ કષ્ટ પામીએ છીએ, માટે અમને એ કૃપાળુ સ્વામી પાસે લઈ જાઓ.''

પછી તે બંનેને ગાડીમાં નાંખીને મંદિરમાં લાવ્યા. સ્વામી હરિભક્તોની સભામાં ભગવાન શ્રીહરિના પ્રતાપની વાતો કહેતા હતા, ત્યાં તે બે જણને ઝોળીઓમાં લાવ્યા અને વચ્ચે બંનેને બેસાડ્યા. તેમના સામું દયાળુ સ્વામીએ જોયું અને કહ્યું : ''શાસ્ત્રીજી ! તમે બે જણ બોલો કે, વેદ તો ભગવાનનું સ્વરૂપ છે. તે સર્વ પ્રાણીમાત્ર ઉપર દયાળુ છે અને અતિ અહિંસા પર છે અને સ્વામિનારાયણ પૂર્ણપુરુષોત્તમ ભગવાન છે.'' પછી એ રીતે તે બંને શાસ્ત્રીઓ બોલ્યા, ત્યારે એ જ રીતે સ્પષ્ટપણે ચોખ્ખા અક્ષર તેમનાથી બોલાયા અને જીભ તથા શરીરની બધી રગો છૂટી ગઈ અને દુઃખ સર્વ મટી ગયું અને સુખિયા થયા. પછી

સ્વામીને **સાષ્ટાંગ પ્રણામ** કરીને, સ્વામી થકી નિયમ ધારીને, ઉત્તમ **સત્સંગી** થયા અને નિત્ય મંદિરમાં આવતા હતા.

આ બાજુ બીજે દિવસે સરકાર સયાજીરાવ ગાયકવાડે શહેરના **મોટા મોટા શાસ્ત્રીઓ**ને પોતાની હવેલીમાં તેડાવ્યા અને સન્માન સહિત બેસાડીને શ્રીવિઠ્ઠલનાથજી મંદિરમાં થયેલી સભાની વાત પૂછી. ત્યારે વિદ્વાનોએ કહ્યું : ''સરકાર ! પ્રથમ તો એ મુક્તાનંદ સ્વામીનાં દર્શન વડે અમને સર્વને **પરમ શાંતિ** થઈ અને તેમનો **પ્રતાપ** જોઈ કાંઈ બોલી શક્યા નહીં. પછી તો એ સ્વામીએ જ પ્રગટ ભગવાનના મહિમાની **અપાર વાતો** કહી. ત્યારપછી અમે સર્વ વિદ્વાનમંડળે મળીને મુક્તાનંદ સ્વામીને પ્રશ્ન પૂછ્યા. તેમાં કળિમાં ભગવાન અવતાર ધારણ કરતા નથી, તે વિષે શાસ્ત્રની **શંકાઓ** લાવી જે જે કલ્પનાઓ કરી તેને એ સ્વામીએ વેદ-ઉપનિષદ, ધર્મશાસ્ત્ર, પુરાણો અને ઈતિહાસના અનેક વચનો બોલીને અમારી સર્વ શંકાઓને **નિવૃત્ત** કરી. સર્વ શાસ્ત્રના રહસ્ય સ્પષ્ટ સમજાવી અમારા સર્વના મનને નિસ્તર્ક કર્યાં છે.

એ મુક્તાનંદ સ્વામી તો સાક્ષાત્ **બૃહસ્પતિ** હોય તેવા **વિદ્વાન** છે. વળી જ્ઞાન-વિજ્ઞાનયુક્ત અને પ્રબોધ કરવામાં નારદ જેવા જણાય છે. વળી એમનું સ્વરૂપ, વૈરાગ્ય, ભક્તિ, શમ, દમ, તપ, ધૈર્ય, તેજ, પ્રતાપ, ઐશ્વર્ય અને અમૃતવાક્ય - એ સર્વ જોતાં તો એ સ્વામી સાક્ષાત્ પરમેશ્વર જેવા જણાય છે. પહેલાં અમે ગોપાળાનંદ સ્વામી પાસે પણ કેટલીકવાર ગયા હતા, તેમનો પ્રતાપ પણ સાક્ષાત્ પરમેશ્વર જેવો જ અમને જણાતો હતો. અને એ બંને સાધુ પોતાના ગુરુ સ્વામિનારાયણના મહિમાની વાતો કરે છે ત્યારે કહે છે કે, 'અમે સ્વામિનારાયણ ભગવાનના શિષ્ય સાધુ છીએ અને અમારા જેવા તો એમના શિષ્ય સાધુ ઘણા જ છે.' તે સાંભળી અમારા સર્વના મનમાં એવો **નિશ્ચય** થયો છે કે, **જેના શિષ્ય જ ભગવાન જેવા છે,** તો તેમના ગુરુ **સ્વામિનારાયણ** પોતે સ્વયં **સાક્ષાત્ ભગવાન** હોય તેમાં શંકા હોય જ શાની ! માટે હવે સ્વામિનારાયણ ભગવાનને **સંતમંડળ સહિત** અત્રે **વડોદરામાં** તેડાવીને, તેઓની પૂજા-પ્રતિષ્ઠાપૂર્વક વંદના કરી, તેમને શરણે થવામાં આપણા સર્વનું **કલ્યાણ** છે. તેમજ વડોદરા શહેરની સર્વ પ્રજાજન તે ભગવાન સ્વામિનારાયણના દર્શન કરવાથી મોક્ષપદના **અધિકારી** થશે. ''

આ રીતની સર્વ વિદ્વાનમંડળની અમૃત જેવી વાત સાંભળી સરકાર ઘણા પ્રસન્ન થયા અને બોલ્યા : ''તમે સર્વ શાસ્ત્રીમંડળે કહ્યું, તે જ રીતે મારા મનમાં પણ એ **'સ્વામિનારાયણ સાક્ષાત્ ભગવાન છે'** એવો **દૃઢ નિશ્ચય** થયો છે અને હું તેમને અહીં તેડાવવાના વિચારમાં છું. હવે મુક્તાનંદ સ્વામી જવાનું કહે છે. તેમની પાસે કાલે હું જઈશ અથવા અહીં તેડાવીશ અને જે વિનંતિ કરવી ઘટશે તે કરીશ.'' એમ કહી સર્વ શાસ્ત્રીઓને શ્રીમંત સરકારે ભારે ભારે પોશાક તથા પુષ્કળ દક્ષિણાઓ આપી. પછી ખાનગી દીવાન નારુપંતનાનાને બોલાવીને કહ્યું : ''ચાર અખાડાની જમાતોવાળાના તથા અતીત, ગોસાઈ, વૈરાગી વગેરે જેજે શ્રીસ્વામિનારાયણ સંપ્રદાયના દ્વેષી હોય, તે સર્વેની વૃત્તિઓ (આજીવિકા) વર્ષાસનો, ગામો તથા પાકાં સીધાં આજથી બંધ કરવા.''

પછી બીજે દિવસે શ્રીમંત સરકારે મુક્તાનંદ સ્વામીને હવેલીમાં પધરાવીને પૂજા કરવા માટે મેના, પાલખી અને ગાડીઓ વગેરે વાહન તથા ડંકા, નિશાનો, વાજિંત્રો વગેરેથી સામૈયું લઈને નારુપંતનાનાને મંદિરમાં સ્વામીને તેડવા મોકલ્યા. ત્યારે સંતમંડળ તથા હરિભક્તો સહિત ત્યાં જવા માટે સ્વામી મેનામાં માળા ફેરવતા બેઠા. આગળ પાલખીમાં ભગવાન શ્રીહરિની પટમૂર્તિનો તકતો તથા શ્રીબાલકૃષ્ણને પધરાવ્યા. અનેક સંતો સ્વામીના મેના સાથે ઘુમરની પેઠે કીર્તન બોલતા ચાલે છે. કેટલાક વૃદ્ધ સંતો મેનાની પાછળ સિગરામ ગાડીઓમાં બેઠા બેઠા માળા ફેરવે છે અને હરિભક્તો ઉત્સવ કરે છે. એવી રીતે માંડવી તળે થઈને લાલજીની સવારી સહિત સ્વામી સરકારની હવેલી પાસે આવ્યા.

ઉપરથી સરકાર પોતે **પ્રધાનમંડળ સહિત** પગથિયાં નીચે આવ્યા. પૃથ્વી ઉપર હાથ અડાડી ભગવાન શ્રીહરિને **નમસ્કાર** કર્યા. સ્વામીને પણ તે જ રીતે નમસ્કાર કર્યા. પછી સ્વામીનો હાથ ઝાલીને હવેલીને પ્રથમ માળે દેવઘરમાં તેડી ગયા. ત્યાં સ્વામીને ગાદીતકિયે બેસાડીને બીજા સાધુઓને ગાલીચા ઉપર બેસાડ્યા. એક તરફ અનેક હરિભક્તો, બ્રાહ્મણો, વિદ્વાનો સહિત ઘટે તેમ બેઠા. સ્વામીની સન્મુખ સરકાર, કિલ્લેદાર તથા ભાઉપુરાણિક, બાપુ શિવરામ, નારુપંતનાના વગેરે કારભારી મંડળ હાથ જોડીને બેઠા. તેમની સાથે સરકારનું માનકરી મંડળ બેઠું અને તેમની પાછળ જાસૂદ, ખિદમતદાર (ચાકર) વગેરે ઊભા રહ્યા. ઉપરના માળમાં ચોતરફ જાળીવાળો રવેશ હતો ત્યાં ચીમનાબાઈ રાણી તથા બીજા દરબારી બાઈઓ બેઠા હતા. તેમણે નમસ્કાર કરીને ભગવાન શ્રીહરિની મૂર્તિને પુષ્પોથી વધાવી.

પછી તે સભામાં સ્વામીએ સરકારને ભગવાન શ્રીહરિના મહિમા સંબંધી ઘણી **વાતો** કરી. તથા ભગવાન શ્રીહરિના અવતારનાં પ્રયોજનથી આરંભી ને દિવ્યચરિત્રોની તથા સંપ્રદાયનાં બંધારણની સર્વ હકીકત સંક્ષેપમાં કહી. અને છેવટે કહ્યું : ''સરકાર ! હમણાં સર્વ સંતો તથા હરિજનોના આગ્રહથી, સરવાર્ય દેશમાંથી પોતાના બે ભાઈઓના બે પુત્રોને, પોતાના દત્તપુત્ર કરીને બે ગાદી ઉપર સ્થાપન કરવાનો ઠરાવ કર્યો છે. તે મહોત્સવ હવે થોડા વખતમાં કરશે અને હમણાં ચાર દિવસ ઉપર મને તેડાવ્યાનો પત્ર ભગવાન શ્રીહરિએ મોકલ્યો છે. અમે સાડાત્રણ માસ અહીં રહ્યા. માટે હવે આપની પાસે હું જવાની રજા માગું છું. ''

ત્યારે **સરકાર** બોલ્યા : ''બહું સારું સ્વામી ! તમે ભગવાન સ્વામિનારાયણ પાસે પધારો ! તમે જે આ ભગવાન શ્રીહરિનો અપાર મહિમાનો કલ્યાણકારી દિવ્ય ઈતિહાસ મને સંભળાવ્યો તેથી મને ઘણો આનંદ થયો છે. તમે તથા ગોપાળાનંદ સ્વામીએ મારો મનુષ્યજન્મ સફળ કર્યો. પ્રથમ અમારા વિશ્વાસપાત્ર ઘણા માણસોથી

# વડોદરામાં **શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો દિગ્વિજય**

ભગવાન શ્રીહરિના અનેક ચમત્કારિક પરચા સાંભળી શ્રીહરિ પરમેશ્વર છે એવો મારા અંતરમાં નિશ્ચય થયો હતો. અને વળી ગોપાળાનંદ સ્વામીની તથા આપની વાતો સાંભળીને તો હવે એમના ભગવાનપણાની નિશ્ચયની દૃઢતા થઈ છે. માટે હવે તો જે રીતે એ ભગવાન સ્વામિનારાયણના દર્શન મને સત્વર થાય તેવી કૃપા કરો ! મારા અંતરમાં હવે શ્રીહરિના દર્શનની ઝંખના રાત-દિવસ થયા કરે છે. માટે આપ તથા ગોપાળાનંદ સ્વામી બંને મળીને ભગવાન સ્વામિનારાયણ મને દર્શન આપે એવી મારી વતી પ્રાર્થના કરજો.''

પછી **સ્વામી** બોલ્યા : ''સરકાર ! તમે મોટા ભાગ્યશાળી છો અને પૂર્વના ઉગ્ર તપના પ્રભાવ વડે, આ કળિયુગમાં પણ સત્યયુગના જેવું રાજ્ય કરો છો. સત્યવાદી, ધર્મિષ્ઠ અને જિતેન્દ્રિય છો. ધૈર્ય, દયા, દાન, ક્ષમા આદિ સર્વ સદ્‌ગુણોથી યુક્ત હોઈ, પુત્રની પેઠે સર્વ પ્રજાનું રક્ષણ અને પાલન કરો છો. દેવ, બ્રાહ્મણ, ગાયો તથા સાધુપુરુષોનું મહિમા સહિત સેવાપૂજાપૂર્વક પાલન કરો છો. અને વળી પ્રત્યક્ષ ભગવાનને વિષે તમારે આવી મહિમા અને શ્રદ્ધા સહિત પ્રેમભક્તિ થઈ છે, તથા આવા નિષ્કંટક રાજ્યને પણ તુચ્છ કરી, ભગવાન શ્રીહરિના દર્શનને વિષે તમને આવી તીવ્ર વૃત્તિ થઈ છે, તો ભગવાન શ્રીહરિ ભક્તવત્સલ અને અતિ કૃપાળુ છે, તે થોડા દિવસમાં તમને જરૂર દર્શન આપશે. અને હું પણ આ સંતમંડળ સહિત તેમની પાસે જઈને, અત્રે પધારીને દર્શન આપવા વિષે ભગવાન શ્રીહરિને ઘણી પ્રાર્થના કરીશ. તમે પણ શ્રીહરિ ઉપર પ્રાર્થનાપત્ર પોતેજ લખાવજો.'' તે સાંભળી સરકારે 'બહુ સારું' કહી હાથ જોડી નમસ્કાર કર્યો.

પછી સરકારે પોતાના દેવઘરમાં બ્રાહ્મણો પાસે તૈયાર કરાવેલો પૂજાનો સામાન મંગાવ્યો. પ્રથમ તો ભગવાન શ્રીહરિની મૂર્તિની બાલકૃષ્ણ સહિત ષોડશોપચાર વડે પૂજા કરી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ત્યારપછી સ્વામીની હેતે સહિત પૂજા કરવા માંડી. સ્વામીના લલાટમાં કેસરચંદનની અર્ચા, કુંકુમચંદ્રક સહિત કરીને સુગંધી પુષ્પોના મોટા હાર પહેરાવ્યા.

પછી ભારે મૂલ્યવાળો દુશાલો તથા રૂપિયા ભરેલ થાળ, સરકાર જેવા મૂકવા જાય છે તે જોઈ તરત સ્વામી આંખો મીંચી પોતાના બે હાથ હલાવી ના, ના, ના કહેતા ગ્લાનિ પામી પાછા ફરી ગયા. એટલે ભાઉપુરાણિક તથા નારુપંતનાના બોલ્યા : ''સરકાર ! તમે બીજા ભેખધારી મહંતો આવે છે તેને ભારે વસ્ત્ર અને હજારો રૂપિયા તથા અલંકાર આપો છો તેને તે લોકો ગ્રહણ કરે છે, પણ સ્વામિનારાયણ ભગવાનના સાધુ તો રૂપિયાને તથા ભારે વસ્ત્રને અડકે પણ નહીં. ત્યારે રાખે તો શાના ! એમને તો કંચન અને કચરો બરાબર છે.'' એમ કહી સત્સંગમાં સાધુને પાળવાના મોટા નિયમ કહ્યા.

તે સાંભળી **સરકાર** બોલ્યા : ''આ મુક્તાનંદ સ્વામી તથા ગોપાળાનંદ સ્વામી - એ બંને તો સત્સંગમાં સૌથી મોટા મહંત છે. માટે બંને સંતોને મારે બે ગામ તથા મેના, પાલખી આપીને મોટા વર્ષાસનો બાંધી આપવા છે.'' એવું સાંભળી સ્વામી બોલ્યા : ''એ કાંઈ અમારા કામનું નથી. અમારે તો ભગવાન શ્રીહરિની આજ્ઞા પાળીને એમનું ધ્યાન-ભજન કરવું છે તથા એમની નિરંતર સેવા કરવી છે. માટે સરકાર ! એ જે તમે અમને આપવાનું કહો છો તેનો તો અમારા અંતરમાં અતિ અભાવ રહે છે. માટે જેને લેવાની ઈચ્છા હોય તેને આપો. અમે કાલે એવું સાંભળ્યું છે કે, સરકારે બીજા મતપંથી તથા જમાતોવાળાના વૃત્તિઓ, વર્ષાસનો અને સીધાં બંધ કર્યા છે. એમ કરવાથી તે સર્વેને ખેદ થતો હશે અને ઘણા મૂંઝાતા હશે. એ બાપડા શું ખાશે ? એમનો નિર્વાહ કેમ ચાલે ? માટે દયા રાખીને એ સર્વનું પૂર્વની પેઠે ચાલુ રાખજો, પણ કોઈની વૃત્તિઓ બંધ કરશો નહીં, તો અમે તમારા ઉપર ઘણા રાજી થઈશું. માટે એટલું વચન અમારું માનો.''

ત્યારે શ્રીમંત સરકાર અતિ પ્રસન્ન થઈ, નમ્રતાથી બે હાથ જોડી પ્રેમભક્તિ વડે ગદ્‌ગદ કંઠે બોલ્યા : ''બહુ સારું સ્વામી ! હું આપ કહો છો તેથી સર્વની વૃત્તિઓ ચાલુ રાખીશ. પણ હે સ્વામી ! મારા ઉપર કૃપા કરી, ભગવાન શ્રી સ્વામિનારાયણની સાથે વહેલા પધારી મને દર્શન આપી મારો ઉદ્ધાર કરજો અને મને સંસારસમુદ્રમાંથી તારજો ! હું ભગવાન શ્રીહરિનો શરણાગત દાસ છું.'' તે સમયમાં ઉપરના રવેશ (ઝરૂખા)માં ચક નંખાવીને સ્વામીનાં દર્શન કરવા બેઠેલા દરબારી બાઈઓ સહિત ચીમનાબાઈ રાણીએ, દેવઘરના બ્રાહ્મણો પાસે સ્વામીના પ્રસાદીનાં પુષ્પ વગેરે મંગાવી લઈ, આંખે અડાડી, મસ્તક ઉપર ધારણ કર્યા અને પોતાના મોટા પુત્ર ગણપતરાવને નીચે મોકલ્યા.

તેમણે આવી સ્વામીને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સ્વામીએ તેમના મસ્તક ઉપર હાથ મૂકી, પોતાના કંઠમાંથી પ્રસાદીનો હાર કાઢીને પહેરાવ્યો. પછી સ્વામીએ સરકારને પણ પ્રસાદીના હાર પહેરાવ્યા તથા ભગવાન શ્રીહરિની પ્રસાદીનો થાળ આપ્યો. પછી આશિષ આપીને ત્યાંથી ઊઠ્યા અને ભગવાન શ્રીહરિ ચિત્રપ્રતિમા સહિત વાજતે-ગાજતે સર્વે સંતમંડળ સહિત મંદિરમાં આવ્યા. સરકારમાંથી રોજ આવતા પાકાં સીધાં સ્વામીએ નાથભક્તને ઘેર એકઠાં કરાવ્યાં હતા. તે વડે એક દિવસ ચોરાસી નાતના સર્વે બ્રાહ્મણોને જમાડ્યા અને તે સર્વે બ્રાહ્મણોને વૈદ્યરાજ રામચંદ્રજીએ રૂપિયો રૂપિયો દક્ષિણા આપી.

મુક્તાનંદ સ્વામી વડોદરામાં **સાડાત્રણ મહિના** રહી, સરકારને તથા કારભારી વગેરે સર્વ રાજમંડળને તથા માનકરી, વિદ્વાનો, શેઠ-શાહુકારો અને બીજા ઘણા મતપંથના હજારો માણસોને **યથાયોગ્ય** સારી રીતે **સમાસ** કરી સર્વને આનંદ આપી હરિભક્તોએ વળાવ્યા થકા **વિદાય** થયા..

પછી સ્વામી સાંકરદા, વડતાલ થઈને **આદરજ ગામે** ભગવાન શ્રીહરિ અન્નકૂટનો ઉત્સવ કરવા પધાર્યા હતા ત્યાં આવ્યા. સ્વામી પધારે છે એમ સાંભળીને શ્રીજીમહારાજ તરત પોતાની માણકી ઘોડી મંગાવી, તે પર સ્વાર થઈ અતિ ઉત્સાહ વડે હજારો સંત-હરિભક્તો સહિત સ્વામીની સન્મુખ ચાલ્યા. ગામની બહાર આવ્યા પછી

માણકીની લગામ ઢીલી મેલી પહેનીનો સ્પર્શ કર્યો કે, માણકી તો જેમ ગરુડ ઊડે તેમ અતિ વેગમાં આકાશમાંથી તારો ખરે તેમ ગઈ. ધોળી પાઘમાં ખોસેલા તોરા તથા કંઠમાં પહેરેલા હાર અતિ વેગમાં ઊછળતા હતા અને ધોળા અંગરખાની ચાળ, પાછળ અને બે તરફ ફરફર ઊડતી હતી.

સ્વામીની ગાડી સાથે કીર્તન ગાતા ગાતા ચાલ્યા આવતા સર્વ સંતોએ છેટેથી ભગવાન શ્રીહરિને જોઈ, જેમ માનસરોવર દેખી હંસો અતિ હર્ષથી ઊડી આવે તેમ ભગવાન શ્રીહરિ સન્મુખ દોડી આવી, પૃથ્વી ઉપર ધબોધબ પડી સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કર્યા. સ્વામી પણ સત્વર ગાડીમાંથી નીચે ઊતરી ભગવાન શ્રીહરિની સન્મુખ દોડ્યા. શ્રીજીમહારાજે પણ અતિ ભાવથી માણકી ઉપરથી ઊતરી, દંડની પેઠે પૃથ્વી પર પડતું મેલી સ્વામીને તથા સર્વે સંતને સાષ્ટાંગ નમસ્કાર કર્યા. ભગવાન શ્રીહરિનો હાથ સ્વામીએ ઝાલી લઈને શ્રીહરિના ચરણારવિંદમાં મસ્તક મૂકી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. સ્વામીને ભગવાન શ્રીહરિ ગાઢ સ્નેહ વડે બાથમાં ઘાલીને મળ્યા. સ્વામી તો અતિ પ્રેમ અને હેતથી પડતાં અશ્રુ સહિત ભગવાન શ્રીહરિનાં મુખકમળ સામું જોઈ રહ્યા. ભગવાન શ્રીહરિએ કુશળ પૂછતાં ઉત્તર પણ અતિ હર્ષમાં કંઠ રુંધાઈ જવાથી આપી શક્યા નહીં. સંતે ગાદલું અને તકિયો બિછાવ્યાં. તે ઉપર ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા ને સન્મુખ સ્વામી સહિત સંતોની સભા થઈ.

ત્યાં તો સર્વને ખબર થઈ કે, 'સ્વામી **વડોદરામાં દિગ્વિજય** કરીને આવ્યા છે અને તેમની સામે **ભગવાન શ્રીહરિ** સંત સહિત પધાર્યા છે' તેથી ગામ-પરગામના સર્વ માણસો ઘણા વાજિંત્રોનાં સામૈયાં સાથે સન્મુખ આવ્યા. પછી ભગવાન શ્રીહરિ માણકી ઉપર બિરાજમાન થયા અને સ્વામીને ઘણા આગ્રહથી ગાડીમાં બેસાડી, વાજિંત્રોના ઘોષથી દિશાઓને મંગળ કરતા, આગળ સંત ગાય છે અને શ્રીહરિની બે કોરે બે ચમર થઈ રહ્યા છે અને આગળ ચોપદાર કુબેરસિંહજી 'જય જય' બોલતા જાય છે - એમ ધીમે ધીમે ચાલતા પુરમાં પધાર્યા. ત્યાં ગાદીતકિયે ભગવાન શ્રીહરિ બિરાજમાન થયા. પછી સ્વામી સહિત સર્વે સંત-હરિભક્તોની **સભા** ભરાઈને બેઠી. તે સર્વે જેમ ચકોરપક્ષી ચંદ્ર સન્મુખ મેષોન્મેષે રહિત જોયા કરે છે તેમ ભગવાન શ્રીહરિનાં મુખકમળ સામે એકાગ્રદૃષ્ટિ વડે જોઈ રહ્યા.


તે સભામાં સ્વામી વડોદરા શહેરમાં સાડા ત્રણ માસ રહ્યા અને દિગ્વિજય કરીને આવ્યા, તે સર્વ **વૃત્તાંત** અથથી ઈતિ સુધી વિસ્તારથી, ભગવાન શ્રીહરિએ અંતર્યામીપણે સર્વને કહી સંભળાવ્યું. તે સમયમાં તરત સ્વામીનાં શરીરમાંથી મહાતેજનો અંબાર પ્રગટ થયો. સભામાં ચારે દિશાઓમાં ઝળ ઝળ ઝળ પ્રકાશ થઈ ગયો. તેથી બે ઘડી પર્યંત સભામાં બેઠેલા સર્વ સંતો-હરિભક્તોના શરીર પણ તેજોમય દેખાયા. પછી તે તેજનો સમૂહ ભેળો થઈ ભગવાન શ્રીહરિનાં ચરણારવિંદમાં લીન થઈ ગયો.

પછી **સ્વામી** હાથ જોડી વંદના કરી ભગવાન શ્રીહરિ પ્રત્યે બોલ્યા : "હે મહારાજ ! વડોદરામાં ઘણા માણસોને ગોપાળાનંદ સ્વામીએ મહા ચમત્કારી પરચા અને સમાધિ વડે અપાર ઐશ્વર્ય દેખાડી, આપના ચરણારવિંદના આશ્રિત કર્યા છે. તેમજ રાજાને તથા ઘણા દરબારી મોટા માણસોને પણ અતિ અદ્ભુત પ્રતાપ દેખાડીને એકાંતિક ભક્ત કર્યા છે. તે સર્વે અતિ ઉત્સાહથી આપનાં **દર્શન**ની ઘણાં ઘણાં વ્રત ધારીને વાટ જોયા કરે છે. સરકાર તો મોટા યોગીની પેઠે આપનાં સ્વરૂપમાં વૃત્તિ રાખી, પ્રત્યક્ષ દર્શન સારુ અતિ વ્યાકુળ થયા છે અને આપને ત્યાં પધારવાની ઘણી **વિનંતી** કરી છે. માટે આપ કૃપા કરી સર્વ મંડળ સહિત વડોદરા પધારી એ સર્વને દર્શન દઈ અભયદાન આપશો. એવી એ સર્વેના વતી મારી **પ્રાર્થના** છે."

ત્યારે ભગવાન **શ્રીહરિ** કહે : "સ્વામી ! અમે પણ ધાર્યું છે કે, પ્રબોધનીનો સમૈયો વડતાલમાં કરવો અને ત્યાં બે દત્તપુત્રને ગાદી ઉપર અમારાં સ્થાને સ્થાપન કરવા. તે મહોત્સવ કરીને ત્યાંથી સર્વે સમાજને સાથે લઈને વડોદરે જવું છે." ત્યારે સ્વામીએ કહ્યું : "ઠીક મહારાજ ! આપે બહુ સારો વિચાર કર્યો છે. એ બે આચાર્યોની એ મોટા રાજ્યમાં પ્રતિષ્ઠા થવાથી અવિદ્યા કરનારા દુષ્ટો દબાઈ જશે અને સાધુ-સત્સંગી સર્વે વિક્ષેપ રહિત થઈ ભજન કરશે."

આમ, વડોદરા શહેરમાં સ.ગુ. શ્રી મુક્તાનંદ સ્વામીએ સં. ૧૮૮૧માં અનેક મતપંથના આચાર્યોને તથા અનેક વિદ્વાનોને **શાસ્ત્રાર્થ**માં જીતી, ભગવાન શ્રી સ્વામિનારાયણના અવતાર તથા સંપ્રદાયનું રૂડી રીતે **પ્રતિપાદન** કર્યું.

**ભગવાન શ્રીહરિ કહે : ''સ્વામી ! અમે પણ ધાર્યું છે કે, પ્રબોધનીનો સમૈયો વડતાલમાં કરવો અને ત્યાં બે દત્તપુત્રને ગાદી ઉપર અમારાં સ્થાને સ્થાપન કરવા. તે મહોત્સવ કરીને ત્યાંથી સર્વે સમાજને સાથે લઈને વડોદરે જવું છે.''**



**નોંધ :**

વડોદરાના અનેક વિદ્વાનોની સાથે **શાસ્ત્રચર્ચા**માં મુક્તાનંદ સ્વામીએ સંપ્રદાયનો **દિગ્વિજય** કર્યો તેનો **ઉલ્લેખ** સવિસ્તારથી 'શ્રી સત્સંગિજીવન' ગ્રંથનાં પ્રકરણ ૪માં અધ્યાય ૩૫-૩૬-૩૭ તથા 'શ્રીહરિદિગ્વિજય' ગ્રંથમાં છે.



# વચનામૃતમાં વડોદરા

**સ**ર્વાવતારી ઈષ્ટદેવ ભગવાન શ્રી સ્વામિનારાયણે **વચનામૃત**ની અદ્‌ભુત **રચના** કરેલ છે. વચનામૃત ગ્રંથ જો આપણા હાથમાં ન હોત તો ભગવાન શ્રીહરિનું સ્વરૂપ સમજવામાં આપણે સહુ કોઈ જરૂર ભૂલા પડત. વચનામૃત ગ્રંથ એટલે આધ્યાત્મિકતાનું શિખર, વેદોનું રહસ્ય, પુરુષોત્તમની પરાવાણી, સર્વ શાસ્ત્રનો નીચોડ. તેથી જ તો વચનામૃત ગ્રંથનું પાન કરીને જૂનાગઢના મુસ્લિમ નવાબના મુખમાંથી શબ્દો નીકળ્યા હતા કે, "આ ગ્રંથના બોલનારા તો ખુદા છે જ, પરંતુ આ ગ્રંથના લખનારા પણ ખુદા છે." આટલો **ઉચ્ચસ્તર**નો આ ગ્રંથ છે.

'વચનામૃત' એ કાળના ધુમ્મસને ભેદીને ભગવાન શ્રી સ્વામિનારાયણ અને પરમહંસોની અધ્યાત્મજ્ઞાનગોષ્ઠી, આત્મીયગોષ્ઠી સુણવતો અપૂર્વ ધર્મગ્રંથ છે. તેજના પ્રવાહરૂપ ભગવાન શ્રીહરિની આ પરાવાણીને ઝીલનારા પરમહંસો પણ **લક્ષ્યવેધી** મહર્ષિઓ હતા. તેઓ **શબ્દવેધી** હતા. શબ્દથી વીંધાઈ ગયેલા ને શબ્દને વીંધી આરપાર નીકળી ગયેલા એ **મહાયોદ્ધા** હતા. તેઓએ આ 'અમૃત'ના પ્રવાહને ઝીલ્યો, હૃદયસ્થ કર્યો અને ઘરેલું બોલીમાં આપણી તરફ વહેતો કર્યો.

ભગવાન શ્રી સ્વામિનારાયણની પરાવાણીમાં સમાજશાસ્ત્ર, માનસ-શાસ્ત્ર, વિજ્ઞાન, રાજનીતિ વગેરે સઘળું સમાઈ જાય છે. આ વચનામૃતનું અધ્યયન કરતાં આપણને એમ લાગે કે 'મારા હિતની જ વાત થઈ રહી છે' - તેવી **પ્રતીતિ** પ્રતિપળ થાય છે. 'વચનામૃત' સર્વે આધ્યાત્મિક રત્નોની ખાણસમા છે. તેમાંથી જેને, જ્યારે, જે રત્ન જોઈએ તે લઈને પોતાના આંતરજીવનને સમૃદ્ધ બનાવી શકે છે.

ભૂત, વર્તમાન અને ભવિષ્યના સર્વે આધ્યાત્મિક શાસ્ત્રોના ગ્રંથો-પુસ્તકો-લેખોના મહાસાગરનો 'વચનામૃત'ના એક બિંદુમાં સમાવેશ કરાયો છે. તેથી આવા સરળ, સુલભ, સુગ્રાહ્ય અને તૈયાર અમૃતબિંદુને છોડીને, મહાસાગરના ખારાં પાણી વલોવીને અમૃતને શોધવા જવું; એ નરી મૂર્ખતા છે.

સર્વેને માટે સર્વત્ર, સર્વદા અને સર્વપ્રકારે ઉપકારક એવા અધ્યાત્મવિષયનું નિરૂપણ આ વચનામૃત ગ્રંથમાં કરવામાં આવ્યું છે. આ ગ્રંથ, અધ્યાત્મવિષયના-સાધનામાર્ગના સાક્ષાત્ અનુભવી અને સર્વજ્ઞ, સર્વશક્તિમાન, સર્વ દોષોથી રહિત, સદા દિવ્ય અને સર્વે કલ્યાણકારી ગુણોના નિધિ એવા સર્વોપરી પૂર્ણ પુરુષોત્તમ નારાયણ ભગવાન શ્રી સ્વામિનારાયણના સ્વાનુભવામૃતનો સંગ્રહ છે.

પ.પૂ. ધ.ધુ. આદિઆચાર્ય શ્રી **રઘુવીરજી મહારાજ** કહે છે : "સર્વ ગ્રંથશિરોમણી આ હરિવાક્ય-સુધાસિંધુ બધાં જ સત્શાસ્ત્રોમાં સર્વપ્રકારે ઉત્કૃષ્ટ સ્થાને શોભે છે. જેવી રીતે બધા જ સત્શાસ્ત્રોમાં વેદ વધારે પ્રમાણભૂત છે, તેવી રીતે ભગવાન શ્રીહરિના મુખકમળમાંથી ઉદ્‌ભવેલ આ ગ્રંથ સર્વપ્રકારે વધારે પ્રમાણભૂત છે."

સ.ગુ. શ્રી **શતાનંદ સ્વામી** લખે છે : "આ ગ્રંથ સર્વે અર્થો (ધર્મ-અર્થ-કામ-

મોક્ષાદિ)ને સિદ્ધ કરાવનાર, ખરાબ તર્કો (શંકા-કુશંકા)ને મૂળમાંથી નાશ કરનાર અને ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ભક્તિ તથા ભગવાનના માહાત્મ્યરૂપી રત્નોની ખાણસમાન છે. અહીં ભગવાન શ્રીહરિએ સત્શાસ્ત્રોને માન્ય એવો સ્વાનુભવ કહ્યો છે. એટલે આનું પ્રતિદિન સેવન કરનાર મનુષ્ય પૂર્ણકામ થઈ શકે છે.''

સ.ગુ. શ્રી **ગુણાતીતાનંદ સ્વામી** પણ પોતાની વાતોમાં કહે છે : ''એક દિવસ વચનામૃત વંચાવીને કહ્યું જે, આ વચનામૃતના ચોપડામાં ચાર વેદ, ષટશાસ્ત્ર ને અઢાર પુરાણનો સાર છે. તેમાં મહારાજે સિદ્ધાંત વાત કરી છે તેનો અભ્યાસ કરવો.''

અમેરિકાની હાવર્ડ યુનિવર્સિટીના ધર્મોના તુલનાત્મક અભ્યાસના અધ્યાપક **પ્રો. જ્હોન કાર્મેન** વચનામૃત વિષે લખતા કહે છે : ''એક વાત મને ખાસ સ્પર્શી હોય તો તે એ છે કે, દરેક વચનામૃતમાં **ચોક્કસ તારીખ** આપવામાં આવી છે. ભારતના ધાર્મિક ઈતિહાસના વિદ્યાર્થીઓને ભારતીય ઈતિહાસમાં ચોક્કસ તારીખનો અભાવ સતત સતાવે છે. પરંતુ વચનામૃતમાં પ્રત્યેક ઉપદેશની તારીખ ચોકસાઈપૂર્વક નોંધવામાં આવેલ છે.''

આપણે સૌ જાણીએ છીએ કે ભગવાન શ્રીહરિએ સ્વહસ્તે વચનામૃત ગ્રંથ લખ્યો નથી. પરંતુ તેઓ જે ઉપદેશ આપતા તે કેટલાક સંતો-ભક્તો નોંધી લેતા હતા. પછી સૌ આશ્રિતજનોની વિનંતીને લીધે સૌને આ સદુપદેશ કાયમ માટે ઉપયોગી બને, તે માટે તેને ગ્રંથસ્થ કરવા માટે શ્રીજીમહારાજે મુક્તાનંદ સ્વામી, ગોપાળાનંદ સ્વામી, નિત્યાનંદ સ્વામી તથા શુકાનંદ સ્વામી આ ચાર સમર્થ **સદ્‌ગુરુ સંતો**ને આજ્ઞા કરી હતી. આ સંતોને ભગવાન શ્રીહરિએ સંપ્રદાયમાં અગ્રેસર સદ્‌ગુરુપદે સ્થાપ્યા હતા. તેમના કારુણ્ય-વાત્સલ્યાદિ સદ્‌ગુણોની સાથે સાથે તેમની **સાધુતાસભર વિદ્વત્તા** પણ સંપ્રદાયમાં પ્રસિદ્ધ હતી. તેમની અનેક પ્રકારની આગવી વિશેષતાઓથી સમગ્ર સંપ્રદાય **સુપરિચિત** છે.

મુક્તાનંદ સ્વામીની શુદ્ધ મુમુક્ષુતા, ભગવાનને પામવાની ઝંખના, આજ્ઞા પાળવાની તત્પરતા, નિર્ભેળ સાધુતા અને જ્ઞાનની ઉચ્ચ સ્થિતિથી આપણે સૌ વાકેફ છીએ.

ગોપાળાનંદ સ્વામી અષ્ટાંગયોગસિદ્ધ યોગીરાજ હોવાથી વિસ્મૃત અર્થોને યોગબળથી સ્મૃતિમાં લાવવા શક્તિમાન હતા. તેમને શ્રીજીમહારાજે બંને દેશના ત્યાગીઓને સ્વધર્મમાં વર્તાવવાની અને ત્યાગીઓને તેમની આજ્ઞા પ્રમાણે વર્તવાની લેખિત આજ્ઞા કરી હતી.

નિત્યાનંદ સ્વામી અતિશય વિદ્વાન હોવાથી સમસ્ત શાસ્ત્રાર્થને જાણતા હતા અને સંપ્રદાય સામેના વાદીઓને પરાજિત કરવામાં પ્રવીણ હતા. ભગવાન શ્રીહરિના સાન્નિધ્યમાં વેદ, વેદાંત અને પુરાણાદિકના વક્તા તરીકે તેઓ સર્વદા વરાયેલા હતા.

શુકાનંદ સ્વામી શ્રીજીમહારાજના પત્રલેખનનું કાર્ય કરતા અને પડાછાયાની જેમ હંમેશાં ભગવાન શ્રીહરિની સન્નિધિમાં રહીને આજ્ઞાને અનુસરનારા હતા. આ ચારેય સંપાદક સદ્‌ગુરુ સંતોની અનેક વિશેષતાઓની શ્રીજીમહારાજે વચનામૃતમાં જ અનેકવાર પ્રશંસા કરી છે.

ગોપાળાનંદ સ્વામી આદિક ચારેય સમર્થ સંતોએ સંપાદિત કરેલા વચનામૃત ગ્રંથમાં સ્થળ અને સંખ્યાની પસંદગી ભગવાન શ્રી સ્વામિનારાયણની સ્વયંની ઈચ્છા અને આજ્ઞા પ્રમાણે થયેલી છે. ગઢડા, સારંગપુર, લોયા, કારિયાણી, પંચાળા, અમદાવાદ અને વડતાલ - આ સ્થાનોના ઉપદેશોને ગ્રંથમાં સંગ્રહિત કરવામાં આવ્યો છે. તેમ છતાં **વચનામૃત** ગ્રંથમાં **'વડોદરા'** શહેરને બીજી રીતે **સ્થાન** આપવામાં આવ્યું છે, તે સાશ્ચર્ય આનંદ ઉપજાવે તેવી ઘટના છે.

ભગવાન શ્રી સ્વામિનારાયણ **સં. ૧૮૮૨**ના કારતક વદ **૩ થી ૫** ત્રણ દિવસ વડોદરામાં **મસ્તુબાગ**માં રહેલા છે. બસો બાસઠ વચનામૃતમાં સં. ૧૮૮૨ની સાલના **પચીશ વચનામૃતો** શ્રીજીમહારાજની સંમતિથી સંપાદિત થયેલા છે. વડતાલ પ્રકરણ - ૨૦, અમદાવાદ પ્રકરણ - ૩ અને ગઢડા અંત્ય પ્રકરણ - ૨. એમાં કારતક માસના ત્રણ જ વચનામૃતો છે. વડતાલ ૧ થી ૩ : કારતક સુદ ૧૧નું પહેલું, કારતક સુદ ૧૩નું બીજું અને કારતક વદ ૧૧નું ત્રીજું. એ રીતે માગશર માસના ૪, પોષ માસના ૧૦ અને મહા માસના ૩ વચનામૃતો છે.

આ વીશ વચનામૃતોમાં **૭ વચનામૃતો** એક માત્ર વડોદરાના હરિભક્તોના પ્રશ્નોના **જવાબરૂપે** જ કહેવામાં આવ્યા છે. એમાં વડોદરાના અગ્રગણ્ય વિદ્વાન હરિભક્તોએ **પ્રશ્નો** પૂછેલા છે. એ પ્રશ્નો પાછળ જે **સંકેતાર્થો** રહેલા છે તે ખાસ સમજવા જેવા છે : શોભારામ શાસ્ત્રી - વડોદરાના સરકારી દેવઘરના મુખ્ય પૂજક અને અધિકારી હતા. ચિમનરાવ શાસ્ત્રી - વડોદરાના શ્રીમંત સરકારના અંગત વિશ્વાસુ શાસ્ત્રી હતા અને વાઘમોડિયા રામચંદ્ર પણ વડોદરાના રાજદરબારના વિરલ રત્નસમા વિદ્વાન અને મુત્સદ્દી હતા.

જે વચનામૃતોમાં આ ત્રણ જણે પ્રશ્નો પૂછેલા છે તે વડતાલ પ્રકરણનું પહેલું વચનામૃત કારતક સુદ ૧૧નું, છઠ્ઠું વચનામૃત માગશર વદ ૧૧નું, સાતમું વચનામૃત માગવર વદ ૧૪નું, ચૌદમું વચનામૃત પોષ વદ ૯નું, પંદરમું વચનામૃત પોષ વદ ૧૧નું અને સોળમું વચનામૃત પોષ વદ ૧૧નું છે.

વડોદરામાં ભગવાન શ્રીહરિએ કરેલ મસ્તુબાગમાં **જાહેર ધર્મસભા**માં આ **પ્રશ્નો** પૂછવાને બદલે શોભારામ શાસ્ત્રી આદિક ત્રણે જણે વડતાલની સભામાં પ્રશ્નો પૂછેલા છે. જે **પ્રશ્નોના શબ્દો** સમજવા જેવા છે.

૧. શોભારામ શાસ્ત્રી પૂછે છે કે, ''જેને નિર્વિકલ્પ સમાધિ ન થાય તેને **એકાંતિક ભક્ત** કહેવાય કે કેમ ?'' (વડતાલ પ્રકરણ : ૧) સર્વત્ર પ્રચલિત સામાન્ય માન્યતા એ છે કે, યોગવિદ્યાના યમનિયમાદિ સાત અંગોની પૂર્ણ સાધના પછી પરમસિદ્ધિરૂપે જે દશા પ્રાપ્ત થાય છે, તે નિર્વિકલ્પ સમાધિ કહેવાય છે. સંપ્રદાયમાં તો જેણે યોગવિદ્યાનું એકેય અંગ સિદ્ધ ન કર્યું હોય તેવા અનેક નરનારીઓને સમાધિ થતી જણાય

છે. તેથી ઉપરોક્ત જણાવેલા પ્રશ્નનો સંકેત એ છે કે, એવી રીતે થતી સમાધિ ખરેખર સમાધિ કહેવાય કે કેમ ? સમાધિ કહેવાતી હોય તો તે સમાધિ, નિર્વિકલ્પ કહેવાય કે સવિકલ્પ કહેવાય ? બીજી સર્વત્ર પ્રચલિત સામાન્ય માન્યતા એ છે કે, જેણે નિર્વિકલ્પ સમાધિદશા સહજ સિદ્ધ કરી હોય, તે જ એકાંતિક ભક્ત કહેવાય. સંપ્રદાયમાં તો એકાંતિક ભક્તોની સંખ્યા ગણી ગણાય નહિ એટલી ગણાય છે. એ બધાએ યોગવિદ્યાના અભ્યાસને અંતે નિર્વિકલ્પ સમાધિ સિદ્ધ કરી હોય એવું જણાતું નથી, છતાં એ બધાને એકાંતિક ભક્ત કહેવામાં આવે છે તે બરાબર છે કે કેમ ? વળી, શોભારામ શાસ્ત્રીનો પ્રશ્ન 'ભગવાનનું **અન્વયપણું** કેમ છે અને **વ્યતિરેકપણું** કેમ છે ?' (વડતાલ પ્રકરણ : ૭) એ દેખાય છે સાદો, પણ એ ઊંડા સંકેતથી ભરેલો છે. "ભગવાન, માયા અને માયાના કાર્યમાં અન્વય કેવી રીતે છે અને વ્યતિરેક કેવી રીતે છે ?" એ એમનો **પ્રશ્ન** છે. "માયા અને માયાના કાર્યમાં ભગવાન અન્વય વર્તે છે ત્યારે એ માયા સબળ (શબલિત) સગુણબ્રહ્મ કહેવાય છે અને માયાથી વ્યતિરેક વર્તે છે ત્યારે



એ માયાતીત નિર્ગુણ બ્રહ્મ કહેવાય છે." એવા શાંકરમતને અનુલક્ષીને આ પ્રશ્ન પૂછવામાં આવેલો છે. માયાનો યોગ થવાથી પરબ્રહ્મ સગુણ બની જતા હોય અને માયાનો યોગ ન હોય ત્યારે એ નિર્ગુણ રહેતા હોય તો નિર્ગુણ પરબ્રહ્મને સગુણ બનાવવા જેટલી શક્તિ માયામાં છે, એવો આડકતરી રીતે સ્વીકાર કરવો પડે અને એવો સ્વીકાર કરવો એટલે પરબ્રહ્મની સર્વોપરિતાના સ્વીકાર સાથે માયાની પણ સર્વોપરિતાનો સ્વીકાર કરવા જેવી સ્થિતિ થાય. પરિણામે, જગતમાં બે તત્ત્વો સર્વોપરી છે એમ માનવું પડે.

૨. વાઘમોડિયા રામચંદ્રે પૂછ્યું છે કે, "કુપાત્ર જીવને **સમાધિ** થાય ખરી ?" (વડતાલ પ્રકરણ : ૧૪) સમાધિદશા પ્રાપ્ત કરતા પહેલા સાધક મુમુક્ષુએ કેટલાક કઠિન વ્રતનિયમો પાળવા પડે છે, અમુક ઉચ્ચ પ્રકારની જીવનરીતિ જીવવી પડે છે અને ખૂબ પરિશ્રમ અને પુરુષાર્થ કરવો પડે છે ત્યારે એ સમાધિદશા પ્રાપ્ત કરી શકે છે. સંપ્રદાયમાં તો પાત્ર-કુપાત્ર ગમે તેને સમાધિ થતી જોવામાં આવે છે, એ કેવી રીતે સાચું મનાય ?

૩. ચિમનરાવ શાસ્ત્રીએ પૂછ્યું છે કે, "આસુરી જીવ દૈવી થાય કે ન થાય ?" (વડતાલ પ્રકરણ : ૭) આજ પ્રશ્ન શોભારામ શાસ્ત્રીએ બીજી રીતે પૂછ્યો છે કે, "જીવોમાં બે પ્રકાર ગણાવાય છે : **દૈવી** અને **આસુરી.** તે અનાદિકાળના છે કે કર્મે કરીને થયેલા છે ?" (વડતાલ પ્રકરણ : ૧૫) વડોદરાના દીવાનનો આસુરી સ્વભાવ જાતજાતના અનુભવો થયા છતાં ટળતો નથી, ઊલટું એ બમણા વેગથી અપકૃત્યો કરવા તૈયાર થતો જ રહે છે. દીવાન, બહાર દેખાય છે તો શાણો અને સુશીલ; પણ કૃત્ય કરે છે ત્યારે એનું સાચું સ્વરૂપ સમજાય છે. શોભારામ શાસ્ત્રીના પ્રશ્નનો સંકેતાર્થ એ છે કે, જો આસુરી જીવ અનાદિકાળના હોય તો એમની આસુરી પ્રકૃતિ ટળે એ સંભિવત જ નથી. કેટલાક આસુરી જીવો સંજોગોવશાત્ સત્સંગમાં પણ દાખલ થયેલા હોય છે. એવા આસુરી જીવોનું શું થાય છે ? ભગવાન અને ભગવાનના ભક્તનો યોગ એમને હોય છે છતાં, એમનો જો ઉદ્ધાર ન થાય તો એ આસુરી સંપત્તિનો વિજય ન કહેવાય ? અર્થાત્ કહેવાય જ.

ચિમનરાવજી શાસ્ત્રી હતા, પણ સાથે સાથે મુત્સદ્દી પણ હતા. એમણે પૂછ્યું છે કે, "સૃષ્ટિના સર્જન કાળથી જ જગતમાં **ચિત્રવિચિત્રતા** અને **વિષમતા** દૃષ્ટિગોચર થતી આવે છે. કોઈ દેવ, કોઈ મનુષ્ય, કોઈ પશુ તો કોઈ પક્ષી થાય છે; કોઈ રાય, કોઈ રાંક, કોઈ વિદ્વાન ને કોઈ મૂર્ખ જોવામાં આવે છે. આ ચિત્રવિચિત્રતા અને વિષમતા **શાથી** પ્રવર્તે છે ? કર્મના કારણે પ્રવર્તે છે કે ભગવાનની ઈચ્છાના કારણે ?" (વડતાલ પ્રકરણ : ૬) પ્રશ્નનો **સંકેત** એ છે કે, જો આ વિષમતા માટે કર્મને કારણભૂત ગણાવવામાં આવે તો, કર્મ સર્વ કાર્યનું કારણ છે, એવો સ્વીકાર કરવો પડે અને જો એ માટે ભગવાનની ઈચ્છાને કારણભૂત ગણાવવામાં આવે તો ભગવાનમાં વિષમતાનો આરોપ મૂકવાનો પ્રસંગ આવે છે. બંને રીતે જોતાં ભગવાનની સર્વોપરિતાનો સ્વીકાર કરતા વિચાર કરવો પડે તેમ છે.

અને છેવટે ૪. વડોદરાના શાસ્ત્રી - વચનામૃતમાં નામ દર્શાવેલું નથી પણ તે શોભારામ શાસ્ત્રી હશે, એવું અનુમાન થઈ શકે તેમ છે. તેમણે ભગવાનને વણમાગી સલાહ આપી જણાય છે કે, "તમે જો કોઈ મોટા માણસને ચમત્કાર જણાવો તો તેમાંથી ઘણો સમાસ થાય." (વડતાલ પ્રકરણ : ૧૬) 'ચમત્કાર વિના નમસ્કાર નહિ' એ દુનિયાની રીતરસમ છે; એ દૃષ્ટિએ સત્સંગના વિકાસ અને બહોળા પ્રચાર માટે 'ચમત્કાર દાખવવો' એ તત્કાળ ફળ આપે એવો ઉપાય છે એમ સમજીને આ વાત કહેલી જણાય છે.

ઉપરોક્ત જણાવેલા સાત પ્રશ્નોના **સચોટ ખુલાસાઓ** વચનામૃતમાં આપેલા છે. એટલે એની અત્રે પુનરુક્તિ કરવી યોગ્ય નથી. પરંતુ સારરૂપે એમ કહેવાય કે, જગતમાં વર્ણાશ્રમ ધર્મનું અને સદાચારનું પાલન કરતો હોય તે **સુપાત્ર** કહેવાય છે. અને જે એથી વિરુદ્ધ વર્તતો હોય તે **કુપાત્ર** કહેવાય છે. એ પ્રકારની પાત્રતા અને કુપાત્રતાને, સમાધિદશા પ્રાપ્ત થવા સાથે કોઈ સંબંધ હોતો નથી.

ભગવાન અને ભગવાનના ભક્તનો જેના હૃદયમાં ગુણ આવે છે તેનું હૃદય નિર્મળ થાય છે અને હૃદય નિર્મળ થાય છે ત્યારે ભગવાન અને ભગવાનના ભક્તની કૃપાદષ્ટિથી સમાધિદશા પ્રાપ્ત થાય છે. યોગવિદ્યાના યમનિયમાદિ સાત અંગો સિદ્ધ કર્યા પછી જે દશા પ્રાપ્ત થાય છે, તેને **નિર્વિકલ્પ સમાધિ** કહેવામાં આવે છે. પરંતુ એ માન્યતા પણ બરાબર નથી. ભગવાનના દ્વિભુજ, દિવ્ય, સદા સાકાર સ્વરૂપના પરિપક્વ નિશ્ચય અને આશ્રય વિના કેવળ યૌગિક પ્રક્રિયાના પરિણામે જે સમાધિ થાય છે તે પરિણામે શુષ્ક અને શૂન્ય હોય છે. એને નિર્વિકલ્પ એટલે સંકલ્પ-વિકલ્પ રહિત કહેવામાં આવે છે, પણ એ ખરેખર **સવિકલ્પ સમાધિ** હોય છે. કારણ કે, એમાં પરમાત્માના સ્વરૂપ સિવાય બીજા વિકલ્પો વિદ્યમાન હોય છે. પ્રાણ લીન થાય એટલે સમાધિ પ્રાપ્ત થઈ એમ માનવું ભૂલભરેલું છે. જેનું મન-ચિત્ત પરમાત્માના દિવ્ય સાકાર સ્વરૂપમાં અખંડ જોડાયેલું હોય છે તેના પ્રાણ લીન થયા હોય યા ન થયા હોય તોપણ તેને નિર્વિકલ્પ સમાધિનું સુખ નિરંતર મળતું જ હોય છે. સંપ્રદાયમાં લોકોને જે સમાધિ થતી જોવામાં આવે છે તે ભગવાન અને ભગવાનના ભક્તનો ગુણ આવવાના કારણે અને પરમાત્માની કેવળ કૃપાદષ્ટિના કારણે જ થતી હોય છે.

યોગનો અર્થ 'ભગવાનના દિવ્ય સ્વરૂપમાં નિશ્ચયાત્મક રીતે સદા જોડાયેલા રહેવું' એટલો જ થાય છે. એ સ્થિતિ ચાહે મુમુક્ષુ યોગવિદ્યાના આઠ અંગો દ્વારા પ્રાપ્ત કરે યા ભગવાન અને ભગવાનના ભક્તની કૃપાદષ્ટિના કારણે મેળવે. પ્રાણનો નિરોધ, માત્ર યોગનાં આઠ અંગો સિદ્ધ કરવાથી જ થતો નથી; એ તો પરમાત્માના અલૌકિક સ્વરૂપમાં ચિત્ત ચોંટી જાય છે ત્યારે જ સિદ્ધ થાય છે.

જગતમાં પ્રવર્તતી **વિષમતા** સમજાવવા માટે શ્રીજીમહારાજે બીજાંકુરોનું સુંદર **દષ્ટાંત** આપેલું છે. પૃથ્વીમાં રહેલા જાતજાતનાં બીજાંકુરોને, વર્ષાકાળે જળનો યોગ થાય છે એટલે એ જુદાજુદા રૂપે અને રંગે, ફૂટી નીકળે છે. બીજાંકુરોમાં દષ્ટિગોચર થતી ચિત્રવિચિત્રતા અને વિષમતા માટે કોણ **કારણભૂત** ગણાય ? બીજાંકુરો ? પૃથ્વી ? કે જળ ? ચિત્રવિચિત્રતા અને વિષમતા તો બીજાંકુરોમાં જ રહેલી હોય છે. જીવનપ્રાણીનાં કર્મો જુદાંજુદાં હોય છે તેમ. એટલે ચિત્રવિચિત્રતા અને વિષમતા માટે તો જેમ બીજાંકુરો પોતે જ કારણભૂત હોય છે તેમ જીવપ્રાણીઓમાં વર્તાતી વિષમતા માટે એમના **કર્મો જ** કારણભૂત હોય છે. પણ જેમ વિષમતાયુક્ત બીજાંકુરોને પ્રગટ થવા માટે પૃથ્વી અને જળનો યોગ અનિવાર્ય કારણભૂત હોય છે, તેમ સૃષ્ટિસર્જન સમયે પોતપોતાના કર્મોયુક્ત રહેલા જીવોને એમના કર્મ પ્રમાણે યોનિના દેહો પ્રાપ્ત થવામાં કર્મફળપ્રદાતા તરીકે પરમેશ્વર **અનિવાર્ય** કારણભૂત હોય છે; જેમ બીજાંકુરો પૃથ્વીમાં પડેલા હોય છે તેમ જીવો પણ પ્રલયકાળે માયાના ઉદરમાં રહેલા હોય છે. પણ જેમ બીજાંકુરો સ્વતંત્ર રીતે પ્રગટ થઈ શકતાં નથી, તેમ સર્જનકાળે જીવો સ્વેચ્છા પ્રમાણે સ્વયમેવ દેહો ધારી શકતા નથી. બીજાંકુરોને પ્રગટ થવા માટે જેમ જળની અનિવાર્ય જરૂર રહે છે તેમ, જીવો માટે પરમેશ્વરની ઈચ્છા અને પ્રેરણાની અનિવાર્ય જરૂર રહે છે. એટલે જ પરમેશ્વરને સર્વકારણનું **કારણ** અને સર્વ **કર્મફળપ્રદાતા** કહેવામાં આવે છે. બીજાંકુરોને પ્રગટ થવા દેવામાં જેમ જળ સર્વ સત્તાધીશ અને સ્વતંત્ર હોય છે, તેમ જીવોને કર્મ પ્રમાણે ફળ આપવામાં પરમાત્મા જ **સર્વસત્તાધીશ** અને **સ્વંતત્ર** હોય છે.


દૈવી અને આસુરી પ્રકારના જીવો અંગે શ્રીજીમહારાજે **ખુલાસો** કરતાં કહ્યું છે કે, સામાન્યતઃ તો માણસ સંગ અને કર્મના કારણે દૈવી યા આસુરી બનતો હોય છે. સત્પુરુષોનો સંગ કરે અને સત્પુરુષોની આજ્ઞા પ્રમાણે કર્મ કરે તો, દૈવી સંપત્તિના ગુણો વૃદ્ધિ પામે છે અને આખરે તે પોતે **સત્પુરુષ** બને છે. દૈવી અને આસુરી સંપત્તિના ગુણો માટે ભગવાન અને સત્પુરુષોનો **કોપ** યા **અનુગ્રહ** પણ કારણભૂત હોય છે. ભગવાન અને ભગવાનના ભક્તોનો અનુગ્રહ થાય છે ત્યારે આસુરી સંપત્તિનો નાશ થાય છે અને દૈવી સંપત્તિની વૃદ્ધિ થાય છે. એથી ઊલટું જ્યારે એમનો દ્રોહ થાય છે અને કોપ થાય છે ત્યારે દૈવી સંપત્તિનો નાશ થાય છે અને આસુરી સંપત્તિની વૃદ્ધિ થાય છે. આ સામાન્ય નિયમ હોય છે છતાં જન્મજન્માંતરના અપકૃત્યોના કારણે કેટલાક જીવો આરૂઢ પ્રકારના આસુરી બનેલા હોય છે. પથ્થર ઉપર પાણી રેડવામાં આવે છતાં તે જેમ કોરો જ રહે છે તેમ એ સત્સંગમાં સંજોગોવશાત્ આવી પડ્યો હોય તોપણ આસુરી જ રહે છે. એવી વ્યક્તિઓથી મુમુક્ષુએ હંમેશાં દૂર જ રહેવું હિતાવહ છે.

મોટા માણસને ચમત્કાર બતાવવાની વાતને ભગવાન શ્રી સ્વામિનારાયણે જરાપણ સમર્થન આપ્યું નથી. ભગવાન **શ્રીહરિ** કહે છે કે, "જગતના મોટા માણસ સાથે અમારે બને તેમજ નથી." સત્સંગની વૃદ્ધિ, વિકાસ પરમાત્માની ઈચ્છાનુસાર જ કરવાનો આગ્રહ રાખવો અને પ્રયત્ન કરવો એ જ હિતકર છે. શાણા માણસે જીવનમાં આગ્રહ તો કેવળ ભગવાનના ભજનનો અને ભગવાનના ભક્તના સત્સંગનો જ રાખવો ઘટે છે. જગતનો મોટો માણસ રાજી થાય તો જે સુખ ક્ષણિક અને નાશવંત છે અને અંતે દુઃખરૂપ છે તે આપે, એથી બીજું આપવા જેવું એની પાસે કંઈજ હોતું નથી. પરંતુ ભગવાનની મૂર્તિનું ચિંતવન કરતા જે સુખ મળે છે તે ચૌદલોકના રાજના સુખ કરતાં પણ અનેકપણું શ્રેષ્ઠ હોય છે. એટલે ભગવાનના સુખે જે સુખિયો હોય, પરબ્રહ્મના પરમાનંદમાં જે મસ્ત હોય તેણે જગતના મોટા માણસને સમાસ કરવા અને રાજી કરવા માટે ખાસ સમય ગાળવો, એ કોઈ રીતે ઈચ્છવા જોગ ન કહેવાય.

વડોદરાના ઉપરોક્ત ત્રણ શાણા સત્સંગીઓએ આ પ્રશ્નો દ્વારા ભાવિ સત્સંગીઓની જે ભારે મોટી સેવા કરી છે, તે ખરેખર ચિર સ્મરણીય બની રહેશે.

# સત્સંગ સમાચાર પત્રિકા

સ્વામી ઘનશ્યામદાસજી તથા શા. સ્વામી સર્વમંગલદાસજી તથા
સાધુ ધર્મવલ્લભદાસજી







## સુવર્ણ સિંહાસન ઉદ્‌ઘાટન મહોત્સવ - બોટાદ










બોટાદ શહેરને આંગણે પ.પૂ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રીના દિવ્ય સાન્નિધ્યમાં પૂ. સ.ગુ. સ્વામી શ્રી લક્ષ્મીપ્રસાદદાસજીના માર્ગદર્શન પ્રમાણે ઉજવાયેલ શિખરબધ્ધ શ્રી સ્વામિનારાયણ મંદિરમાં બિરાજમાન ઠાકોરજીનો 'વાર્ષિક પાટોત્સવ' તથા નૂતન સુવર્ણ સિંહાસનનો 'ઉદ્‌ઘાટન મહોત્સવ.'

## નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત - પલાણા





વડતાલ પ્રદેશના પલાણા ગામને આંગણે યોજાયેલ પ.પૂ. લાલજી મહારાજશ્રીના વરદ્ હસ્તે તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના માર્ગદર્શન પ્રમાણે નૂતન હરિમંદિર ખાતમુહૂર્ત-શિલાન્યાસ.





## વાર્ષિક પાટોત્સવ ઘોરા





વડતાલ પ્રદેશના ઘોરા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના રૂડા આશીર્વાદથી ઉજવાયેલ હરિમંદિરના વાર્ષિક પાટોત્સવ પ્રસંગે દર્શન-અમૃતવાણી તથા કથાવાર્તાનો લાભ આપતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી





## વાર્ષિક પાટોત્સવ વીણા

વડતાલ પ્રદેશના વીણા ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રીના સાન્નિધ્યમાં ઉજવાયેલ મંદિરનો વાર્ષિક પાટોત્સવ.










જૂનાગઢધામમાં **પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી**ના આશીર્વાદ પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના સાન્નિધ્યમાં તથા **પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી**ના માર્ગદર્શન પ્રમાણે અખિલ ભારતીય **શ્રી લક્ષ્મીનારાયણ યુવક મંડળ** દ્વારા યોજાયેલ **'યુવા ઉત્કર્ષ મહોત્સવ'** (તા. ૨૬ થી ૨૮-૫-૨૦૧૭)






ગઢડા પ્રદેશના નાના માચીયાળા ગામને આંગણે યોજાયેલ કથાપારાયણમાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી.






જૂનાગઢ પ્રદેશના પાણખાણ ગામને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદથી પા. ખુશાલ ભગતના વક્તાપદે યોજાયેલ શ્રી ભક્તચિંતામણી કથાપારાયણ.

## કથાપારાયણ ગઢડા


૧


૨


૩


૪


૫


૬


૭


૮

**ગઢડા દાદાખાચરના દરબારમાં ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં યોજાયેલ કથાપારાયણો**

૧-૨. ગગજીભાઈ કળથીયા પરિવાર - બોટાદ. ૩-૪. સોમાણી પરિવાર - ગઢડા. ૫-૬. નાકરાણી પરિવાર - સુરત. ૭-૮. ગજેરા પરિવાર - વંડા






## USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૭ તસ્વીર દર્શન










કેનેડાના ટોરોન્ટોને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં દર્શન-અમૃતવાણીનો લાભ આપતા પ.પૂ. લાલજી મહારાજશ્રી સહ ધર્મકુળ પરિવાર.










મીશીગન રાજ્યના કેન્ટોનને આંગણે પ.ભ. શ્રી વિપુલભાઈ પટેલના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી






# USA સત્સંગ પરિભ્રમણ-૨૦૧૭ તસ્વીર દર્શન

**TROY MI**






મીશીગન રાજ્યના ટ્રોયને આંગણે યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી તથા સંતમંડળ.

**CLEVELAND OH**






ઓહાયો રાજ્યના ક્લિવલેન્ડને આંગણે પ.ભ. શ્રી ભરતભાઈ ઠક્કરના નિવાસસ્થાને યોજાયેલ સત્સંગ સભામાં કથાવાર્તાનો લાભ આપતા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ન્યૂજર્સી



અમેરિકાના **ન્યૂજર્સી**ને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી
**પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત
**શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર**નો ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ન્યૂજર્સી














અમેરિકાના **ન્યૂજર્સી**ને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ **શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના આશીર્વાદ સહ આજ્ઞાથી
**પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત
**શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિર**નો ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**

# મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ - ન્યૂજર્સી

















અમેરિકાના **ન્યૂજર્સી**ને આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત
શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો ભવ્ય 'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી

તીર્થધામ માણાવદરને આંગણે આઠમી

# શ્રી સ્વામિનારાયણ સત્સંગ શિબિર

તારીખ :- ૨૨ થી ૨૮-૮-૨૦૧૭

પ્રયોજક :- પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

**આયોજક :**

ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ સત્સંગ સમાજ
માણાવદર (સોરઠ પ્રદેશ)

**સંપર્ક :**

શ્રી શાંતિભાઈ રતનપરા - મો. ૯૪૨૬૧૬૭૭૦૮,
શ્રી ધર્મેશભાઈ મહેતા - મો. ૯૪૨૬૨૩૦૭૬૬

સ્થળ : 'પટેલ સમાજવાડી' મું. માણાવદર, જી. જૂનાગઢ


હાર્દિક અભિનંદન



**પ.ભ. શ્રી અક્ષરકુમાર દિનેશભાઈ રોય (સુરત)**

માર્ચ-૨૦૧૭માં ગુજરાત એસ.એસ.સી. બોર્ડ દ્વારા લેવાયેલ ૧૦મા ધોરણની પરીક્ષામાં મૂળ ગુંદાળીના વતની હાલ સુરત નિવાસી શ્રી દિનેશભાઈ રોયના સુપુત્ર અને સુરત શહેરમાં આશાદીપ ગૃપ ઓફ સ્કુલમાં અભ્યાસ કરતા શ્રી અક્ષરકુમારે ૯૬.૮૩% ટકા લાવીને સુરત શહેરમાં પાંચમા ક્રમાંકે અને સમગ્ર ગુજરાત રાજ્યમાં સાતમાં ક્રમે (એ-૧ ગ્રેટ) ઉત્તીર્ણ થયા છે. આ બાળકે ફક્ત કુટુંબ-પરીવાર કે સમાજમાં જ નહિ, પરંતુ શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનું ગૌરવ વધારેલ છે. તેઓ જીવનમાં સત્સંગના સંસ્કારની સાથએ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી ઈષ્ટદેવ સર્વાવતારી ભગવાન શ્રી સ્વામિનારાયણેના શ્રીચરણોમાં પ્રાર્થના સહ પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના આશીર્વાદ સાથે પૂ. સંતો-હરિભક્તો શુભકામના પાઠવે છે.

---

**સ્વામિનારાયણ ચિંતન અંક ન મળવા અંગે ગ્રાહક ભક્તજનોને નમ્ર સૂચના**

વ્હાલા ગ્રાહક ભક્તજનો ! **'શ્રી સ્વામિનારાયણ ચિંતન'** અંક દર માસની ૨૦ તારીખે નિયમિત ચોક્કસાઈથી પીનકોડ અને જિલ્લા પ્રમાણે અલગ કરીને પોસ્ટ કરવામાં આવે છે. તેમ છતાં આપને પોસ્ટમાં અંક ન મળે તો દર માસની ૩૦ તારીખ પછી નીચે આપેલ ફોન નંબરથી જાણ કરવી. કોપી સ્ટોકમાં હશે તો ફરીવાર મોકલાશે. વારંવાર માસિક અંક ન મળે તો આપની સ્થાનિક પોસ્ટ ઓફિસમાં લેખિતમાં અરજી કરીને તપાસ કરવી જરૂરી છે.

**સરનામું :-** 'ચિંતન કાર્યાલય' શ્રી સ્વા. મંદિર - સરધાર, તા.જી. રાજકોટ - ૩૬૦૦૨૫. મો. ૯૦૯૯૯૯૯૬૨૫


॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ્ ॥

પ.પૂ. સનાતન ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના રૂડા આશીર્વાદ સહ આજ્ઞાથી
પ.પૂ. ૧૦૮ શ્રી **ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રી**ના અધ્યક્ષપદે સરધારધામને આંગણે બાવીસમી...

# શ્રી સ્વામિનારાયણ ૨૨ સત્સંગ છાવણી

સરધાર ૨૦૧૭

તા. ૧૬ થી ૨૫ - ૧૦ - ૨૦૧૭
(વાઘબારશ થી લાભપાંચમ)

પ્રયોજક પૂ. સ. ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજી

સ્થળ : 'શ્રી સ્વામિનારાયણ બાગ' શ્રી સ્વામિનારાયણ મંદિર, સરધાર

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

With divine blessings of Lord Shree Swaminarayan and Agyna of H.H.1008 Acharya Shree Ajendraprasadji Maharaj & H.H.108 Bhavi Acharya Shree Nrugendraprasadji Maharaj (Vadtal) at Melbourne



# Shreemad Bhagwat Katha

(With Melodious Music & Kirtan)

LIVE

हमारा लक्ष्य .tv

www.lakshya.tv

watch Live www.sardharkatha.com



H.H. 1008 Shree Achaya
Shree Ajendraprasadji Maharaj

**: Orator :**

**Sad. Swami Shree Nityaswarupdasji**

**-: Date :-**

**July 10th - 16th 2017**

**:: Katha Time ::**

**5.30 Pm to 8.30 Pm**



H.H. 108 Shree Bhavi Achaya
Shree Nrigendraprasadji Maharaj

**: Venue :**
**Werribee Primary School,**
**2 Deutgam St, Werribee VIC 3030**

**-: આયોજક :-**
ધર્મકુળ આશ્રિત શ્રી સ્વામિનારાયણ
સત્સંગ મંડળ – ઓસ્ટ્રેલિયા

**: Contact :**
Rakeshbhai - 0425 179 799,
Harikrushnabhai - 0426 604 623,
Sunilbhai - 0433 557 320,
Dharmeshbhai - 0430 391 777

---

॥ શ્રી સ્વામિનારાયણો વિજયતેતરામ ॥

With divine blessings of Lord Shree Swaminarayan and Agyna of H.H.1008 Acharya Shree Ajendraprasadji Maharaj & in the Presence of H.H.108 Bhavi Acharya Shree Nrigendraprasadji Maharaj (Vadtal) at Harrow London



# Shree Swaminarayan Mahotsav Shree Harililamrut Katha parayan

(With Melodious Music & Kirtan)

**: Orator :**

**Sad. Swami Shree Nityaswarupdasji**
**& Swami Shree Purnaswarupdasji**

**Watch Live www.svg.org**



H.H. 1008 Shree Achaya
Shree Ajendraprasadji Maharaj

**Date :- 25th - 31st July, 2017**

UK

R.g. No. 1150267



H.H. 108 Shree Bhavi Achaya
Shree Nrigendraprasadji Maharaj

**: Venue :**
**'Byron Hall' Harrow Leisure Center,**
**Christchurch Avenue, Harrow - HA3 5BD**

**: Organiser :**
**Dharmakul Ashrit Shree Swaminarayan**
**Agyna-Upasna Satsang Mandal - U.K.**

**: Contact :**
Ghanshyambhai Patel - 07809 608 831,
Narayanbhai Soni - 07830 979 829,
Naresh Gothadiya - 07889 728 585.







ભગવાન શ્રીહરિના ચરણારવિંદથી પાવન વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં સમસ્ત કાનમ પ્રદેશ સત્સંગ સમાજ દ્વારા ઉજવાયેલ **'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ'** તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે **'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ'** (તા. ૧૭ થી ૨૫-૫-૨૦૧૭)

૧. સમગ્ર મહોત્સવના મુખ્ય યજમાન - ન્યાલકરણ ગ્રુપ. ૨. કથા મુખ્ય યજમાનશ્રી રંજનબેન તથા પ્રફુલભાઈ સોની પરિવાર. ૩. સમગ્ર મહોત્સવ સહયજમાનશ્રી - સિદ્ધેશ્વર ગ્રુપ. ૪. કથાના સહયજમાનશ્રી - એસ.પી. ગ્રુપ. ૫. વક્તાશ્રી પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીનું સ્વાગતપૂજન કરતા મહોત્સવ આયોજક સમિતિ. ૬. મહોત્સવમાં પધારેલ શ્રી વિઠ્ઠલનાથજી મંદિરના મહંતનું સન્માન કરતા પૂ. સ્વામી.

## શ્રી સ્વામિનારાયણ મહોત્સવ
### વડોદરા
































**ભગવાન શ્રીહરિના ચરણારવિંદથી પાવન વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં સમસ્ત કાનમ પ્રદેશ સત્સંગ સમાજ દ્વારા ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭ થી ૨૫-૫-૨૦૧૭)**

૧-૩. શ્રી ઘનશ્યામ પ્રાગટ્યોત્સવની ઉજવણી. ૪-૬. ગાદિપટ્ટાભિષેક. ૭. નિત્ય આરતીમાં લાભ લેતા યશસ્વી યજમાનશ્રીઓ. ૮. સભામંચ પધારતા પ.પૂ. લાલજી મહારાજશ્રીનું ભવ્ય સ્વાગત. ૯. આશીર્વાદ પાઠવતા પ.પૂ. નાનાલાલજી મહારાજશ્રી. ૧૦. સમૂહ મહાપૂજા.




**શ્રી સ્વામિનારાયણ મહોત્સવ**
**વડોદરા**















ભગવાન શ્રીહરિના ચરણારવિંદથી પાવન વડોદરા શહેરને આંગણે પ.પૂ. ધ.ધુ. આચાર્ય મહારાજશ્રીના આશીર્વાદ સહ આજ્ઞાથી પ.પૂ. લાલજી મહારાજશ્રી તથા સમગ્ર ધર્મકુળ પરિવારના સાન્નિધ્યમાં સમસ્ત કાનમ પ્રદેશ સત્સંગ સમાજ દ્વારા ઉજવાયેલ 'શ્રી સ્વામિનારાયણ મહોત્સવ' તથા પૂ. સ.ગુ. સ્વામી શ્રી નિત્યસ્વરૂપદાસજીના વક્તાપદે 'શ્રીમદ્ સત્સંગિજીવન કથા પારાયણ' (તા. ૧૭થી ૨૫-૫-૨૦૧૭)

Swaminarayan Chintan, June-2017 Reg. No. RJT - 624/16-18, Valid up to 31/12/18, Posted at Rajkot R.M.S. on 20th of every month
wpp No. G-PMG-RJT/018/2013 Valid up to 31/12/2017_RNI No. GUJGUJ-2013/47868
























Swaminarayan Chintan, Publisher, Printer, Owner, editor :- SWAMI PATITPAVANDASJI , Place of Publication :- Shree Swaminarayan Mandir, At : SARDHAR, Ta. & Dist. Rajkot (GJ) - 360025.
Printing press with complete address : SHREEJI ART, GF-12, ASHIRVAD SHOPPING CENTER, ASHRAM ROAD, PALDI AHMEDABAD, (GJ) - 380007

અમેરિકાના **ન્યૂજર્સીને** આંગણે વડતાલ પીઠાધિપતિ પ.પૂ. ધ.ધુ. ૧૦૦૮ શ્રી **આચાર્ય શ્રી અજેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** આશીર્વાદ સહ આજ્ઞાથી **પ.પૂ. ભાવિઆચાર્ય શ્રી નૃગેન્દ્રપ્રસાદજી મહારાજશ્રીના** દિવ્ય સાનિધ્યમાં ઉજવાયેલ વડતાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ ગાદી અંતર્ગત **શ્રી સ્વામિનારાયણ હિન્દુ મંદિરનો** ભવ્ય **'મૂર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ'**